RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

E mail - prdpraval@yahoo.co.uk

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 163 * Date: 03.04.2025,Thursday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# ડાંગ સહિત દક્ષિણ ગુજરાતના અનેક સ્થળે વરસ્યો કમોસમી વરસાદ, ખેડૂતોની વધી ચિંતા



ગુજરાતમાં છેલ્લા ત્રણ-ચાર દિવસથી વાતાવરણમાં પલટો આવ્યો છે. સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાતના કેટલાક જિલ્લામાં હવામાન વિભાગે કમોસમી વરસાદની આગાહી કરી હતી, ત્યારે આજે બુધવારે (૨ એપ્રિલ, ૨૦૨૫) કમોસમી ડાંગ જિલ્લા સહિત દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં હળવાથી મધ્યમ કમોસમી વરસાદ પડ્યો હતો. માવઠું પડતાં પાકને નુકસાનીને લઈને ખેડૂતોમાં ચિંતા વધી છે. રાજ્યમાં ભર ઉનાળે દક્ષિણ ગુજરાત સહિત કેટલાક જિલ્લામાં કમોસમી વરસાદ ખાબક્યો છે. જેમાં ડાંગ, તાપી, વલસાડ સહિતના વિસ્તારોમાં માવઠું પડ્યું છે. ડાંગ જિલ્લામાં છેલ્લા ત્રણ-ચાર દિવસથી કાળા-ડિબાંગ વાદળછાયું વાતાવરણ જોવા મળ્યું હતું, ત્યારે ડાંગ-આહવા તાલુકાના પૂર્વ પટ્ટીના વિસ્તારોમાં ઉનાળામાં ચોમાસા જેવા દૃશ્યો જોવા મળ્યા હતા. ઉનાળામાં વરસાદ પડતાં ખેડૂતોના ખરીફ પાકમાં નુકસાની થવાની શકયતા વર્તાઈ રહી છે. ડાંગ જિલ્લા સહિત દક્ષિણ ગુજરાતના વાતાવરણમાં પલટો જોવા મળ્યો છે, ત્યારે ડાંગમાં આજે બુધવારે ચાર વાગ્યાના અસરમાં પવન સાથે વરસાદ ખાબક્યો હતો. તેમજ ગિરિમથક સાપુતારા અને ચિંચલી સહિતના વિસ્તારોમાં વાદળછાયું વાતાવરણ જોવા મળ્યું હતું. હવામાન વિભાગે આગામી ત્રણ દિવસ સૌરાષ્ટ્ર અને કચ્છમાં ગરમીને લઈને હીટવેવની યલો અને ઑરેન્જની આગાહી કરી છે. જેમાં આવતીકાલે ૩ એપ્રિલથી ૫ એપ્રિલ સુધી કચ્છ, રાજકોટ, જૂનાગઢ જિલ્લામાં હીટવેવની યલો ઍલર્ટ અને પોરબંદર જિલ્લામાં ઑરેન્જ ઍલર્ટની હવામાન વિભાગે આગાહી કરી છે.

## પશ્ચિમ બંગાળમાં બાળ સુધાર ગૃહમાંથી ૨૧ બાળકો ગાયબ થતાં દોડધામ

પશ્ચિમ સિંઘભૂમ જિલ્લા મુખ્યાલયમાં સ્થિત બાળ સુધાર ગૃહમાંથી ૨૧ થી વધુ બાળ કેદીઓ ફરાર થઈ ગયા હોવાની ઘટના સામે આવી છે. આ ઘટના મંગળવારે સાંજે બની જ્યારે શહેરમાંથી એક જૂલુસ કાઢવામાં આવ્યું હતું.મળતી માહિતી મુજબ, બાળ સુધાર ગૃહની અંદર બાળ કેદીઓ રમી રહ્યા હતા ત્યારે અચાનક તેમની વચ્ચે ઝઘડો શરૂ થઈ ગયો, ત્યાર બાદ બાળ કેદીઓએ હોબાળો મચાવ્યો હતો. થોડા સમય પછી કેદીઓ વચ્ચે મારામારી શરૂ થઈ ગઈ હતી. ત્યાર બાદ ગેટ તોડીને બાળ કેદીઓ નાસી છૂટ્યા હતા.બાળ કેદીઓએ ભાગવાનો પ્રયાસ કરતી વખતે ગાર્ડ અને સુરક્ષા કર્મચારીઓ પર ઘાતક હુમલો કરી સીસીટીવી કેમેરા પણ તોડી નાખ્યા હતા. ત્યારબાદ તેઓ ગેટનું તાળું તોડી નાસી છૂટ્યા હતા.ઘટનાની જાણ થતાં જ અધિકારીઓમાં દોડધામ મચી ગઈ હતી.કોઈએ બાળ કેદીઓનો ગેટ તોડીને ભાગી જવાનો વીડિયો પણ બનાવ્યો છે. આ વીડિયો ઝડપથી વાયરલ થયા બાદ જિલ્લામાં ખળભળાટ મચી ગયો છે.ડેપ્યુટી કમિશનર કુલદીપ ચૌધરીએ જણાવ્યું હતું કે બાળ કેદીઓ બાળગૃહમાંથી ભાગી જવાના સમાચાર મળ્યા બાદ પોલીસ ઓબ્ઝર્વેશન હોમમાં પહોંચી હતી. લગભગ ૮૫ બાળકોને ઓબ્ઝર્વેશન હોમમાં રાખવામાં આવ્યા હતા. જેમાંથી ૨૧ બાળ કેદીઓ નાસી છૂટ્યા છે. કેટલાક બાળકોને શોધી કાઢવામાં આવ્યા છે. આ માટે જવાબદાર સુરક્ષા કર્મચારીઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

## આરોગ્ય કર્મચારીઓની હડતાળનો ૧૭મો દિવસ:ગ્રેડ પે અને ખાતાકીય પરીક્ષાની માગ સાથે સહી ઝુંબેશ દ્વારા વિરોધ નોંધાવ્યો





ગુજરાત પંચાયતના આરોગ્ય કર્મચારીઓની હડતાળ ૧૭મા દિવસે પણ યથાવત્ રહી છે. કર્મચારીઓ ગ્રેડ પે અને ખાતાકીય પરીક્ષાની માંગણી સાથે આંદોલન કરી રહ્યા છે.સરકાર દ્વારા સેવા સમાપ્તિના આદેશો છતાં સેંકડો કર્મચારીઓ ગાંધીનગરમાં ધરણા પર બેઠા છે. પોલીસ છેલ્લા ચાર દિવસથી અટકાયતની કાર્યવાહી કરી રહી છે. આજે બુધવારે કર્મચારીઓએ સહી ઝુંબેશ દ્વારા પોતાનો વિરોધ નોંધાવ્યો હતો.કર્મચારી મહાસંઘે જાહેરાત કરી છે કે જ્યાં સુધી તેમની માંગણીઓ અંગે સરકારી ઠરાવ નહીં થાય, ત્યાં સુધી હડતાળ ચાલુ રહેશે. આંદોલનમાં ગુજરાત રાજ્ય પંચાયત વિભાગ વર્ગ-૩ના સાત કેડરના કર્મચારીઓ જોડાયા છે. તેમાં એમપીએચડબલ્યુ, એફએચડબલ્યુ, એમપીએચએસ, એફએચએસ, ટીએમપીએચ, ટીએચવી અને જિલ્લા કક્ષાના આરોગ્ય સુપરવાઈઝરનો સમાવેશ થાય છે. કર્મચારીઓની મુખ્ય માંગણી ટેકનિકલ કેડરમાં સમાવેશ અને ગ્રેડ-પે પગાર સુધારણાની છે. ગઈકાલે મંગળવારે પોલીસે અનેક કર્મચારીઓની અટકાયત કરી હતી. જો કે, રોજ અટકાયત છતાં બીજા દિવસે નવા કર્મચારીઓ આંદોલનમાં જોડાય છે. સરકાર અને કર્મચારી મહાસંઘ બંને પોતાના વલણ પર અડગ છે. સરકાર હડતાળ સમાપ્તિ બાદ જ વાટાઘાટો કરવા માંગે છે. જ્યારે મહાસંઘ સરકારી ઠરાવની માગ પર મક્કમ છે.

## શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન શ્રી સ્વામિનારાયણ મંદિર, કલોલ શ્રી ઘનશ્યામ મહારાજ દશાબ્દી મહોત્સવે

શ્રી સ્વામિનારાયણ ગાદીના જ્ઞાનમહોદધિ આચાર્ય શ્રી જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીશ્રી મહારાજની અધ્યક્ષતામાં શ્રી સ્વામિનારાયણ મંદિર, કલોલના ત્રિદિવસીય દશાબ્દિ મહોત્સવે જીવદયા/પર્યાવરણ ક્ષેત્રે અત્યાર સુધી રૂા. ૧૯ લાખનું માતબર દાન ગ્રીન પ્લેનેટ - શ્રી મુક્તજીવન સ્વામીબાપા પર્યાવરણ સંસ્થાન, કલોલને કરવામાં આવ્યું છે. સંસ્થાન દ્વારા પક્ષીઓ માટે દર વર્ષે ઉનાળામાં ૧૦૦૦ કુંડાનું પણ વિતરણ કરવામાં આવે છે, ઉપરાંત સંતવંદના, ભક્તિ સંગીત, વ્યસન મુક્તિ રેલી, વિવિધ ગ્રંથોની ધાર્મિક પારાયણો વિગેરે વૈવિધ્યસભર આધ્યાત્મિક કાર્યક્રમો પણ યોજાયા હતા.

મહંત સદ્ગુરુ શાસ્ત્રી ભગવત્પ્રિયદાસજી સ્વામીએ વધુમાં જણાવ્યું હતું કે, આજે જ્યારે પર્યાવરણ સમસ્યા સળગી રહી છે ત્યારે શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાને ઠેર ઠેર હજારો વૃક્ષોનું વાવેતર કરીને ઉમદા કાર્ય કર્યા છે, વૃક્ષ વેલીનું છેદન પણ ન કરવા અનુરોધ કર્યો છે.પરમ પૂજ્ય જ્ઞાનમહોદધિ આચાર્ય સ્વામીશ્રી મહારાજે આશિર્વાદમાં જણાવ્યું હતું કે, મનુષ્યનું જીવન સત્સંગ , સંસ્કાર અને સદ્ગુણ સંપન્ન હોવું જોઈએ. આ કાર્યક્રમમાં ધારાસભ્યશ્રી, નગરપાલિકા પ્રમુખશ્રી, કોર્પોરેટરશ્રીઓ, અહેમદભાઈ પઠાણ,



પ્રેસિડેન્ટ ગ્રીન પ્લેનેટ વિગેરે મહાનુભાવો પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

## બાયોમેડિકલ વિભાગના વડા મૈત્રી દવેએ હાર્વર્ડમાં એક સપ્તાહનો લીડરશીપ એન્ડ બિઝનેસ મેનેજમેન્ટ સર્ટિફિકેશન પ્રોગ્રામ પૂર્ણ કર્યો

ગાંધીનગર સ્થિત ગવર્મેન્ટ પોલીટેકનિકના બાયોમેડિકલ વિભાગના ઈન્ચાર્જ હેડ મૈત્રી દવેએ પ્રતિષ્ઠિત હાર્વર્ડ મેડિકલ સ્કૂલ, બોસ્ટનમાં એક મહત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી છે. તેમણે ગ્લોબલ બિઝનેસ સિમ્પોઝિયમ દ્વારા આયોજિત એક સપ્તાહના લીડરશીપ અને બિઝનેસ મેનેજમેન્ટ સર્ટિફિકેશન પ્રોગ્રામમાં સફળતાપૂર્વક ભાગ લીધો.આ પ્રવાસ દરમિયાન તેમણે હાર્વર્ડ જોન એ. પોલ્સન સ્કૂલ ઓફ એન્જિનિયરિંગની મુલાકાત લીધી. ત્યાં તેમણે બાયો ડિઝાઇન લેબમાં




એક્સો-સૂટ અને સ્માર્ટ મેડિકલ ડિવાઈસીસના નવીનતમ સંશોધનોનો અભ્યાસ કર્યો. વધુમાં, તેમણે હાર્વર્ડ બિઝનેસ સ્કૂલ અને એમઆઈટી બોસ્ટનની પણ મુલાકાત લીધી.મૈત્રી દવેએ ગુજરાત સરકારના ઉચ્ચ અને ટેક્નિકલ શિક્ષણના એડિશનલ ચીફ સેક્રેટરી શ્રીમતી સુનૈના તોમર (છજી) અને ટેક્નિકલ એજ્યુકેશન ડિરેક્ટર શ્રી બી. એચ. તલાટીનો આભાર માન્યો છે. તેમના આ અનુભવથી ગાંધીનગર પોલીટેકનિકના બાયોમેડિકલ વિભાગના વિદ્યાર્થીઓને લાભ થશે.

## શહેરમાં વધુ ૭ જંક્શન પર સ્માર્ટ ટ્રાફિક સિગ્નલ લગાવાશે, મનપા સરવે બાદ કામગીરી હાથ ધરશે

નવા વિસ્તારોમાં જેટલી ઝડપથી વિકાસ થઇ રહ્યો છે તેટલા જ ઝડપથી ટ્રાફિકની સમસ્યાઓ પણ ઉદભવી રહી છે. આ વિસ્તારોમાં ટ્રાફિકની સમસ્યાના ઉકેલ માટે મહાનગરપાલિકા દ્વારા સ્માર્ટ ટ્રાફિક સિગ્નલ લગાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. કેમેરા સાથે ઓટો ટાઇમર સહિતની સુવિધા ધરાવતા આ સ્માર્ટ ટ્રાફિક સિગ્નલોને કારણે આ વિસ્તારોમાં ટ્રાફિક મેનેજમેન્ટમાં સરળતા રહેવાની સાથે આ વિસ્તારોનું સીધું સર્વેલન્સ પણ મહાનગરપાલિકાના કંટ્રોલરૂમમાંથી થઇ શકશે. જેથી ટ્રાફિક નિયમન ઉપરાંત સલામતીના કારણોસર શહેરના વિવિધ સાત સ્થળોએ કેમેરા લગાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ મામલે સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ મ્યુનિસિપલ કમિશનર દ્વારા દરખાસ્ત કરવામાં આવી છે.મહાપાલિકા દ્વારા અગાઉ સ્માર્ટ સિટી પ્રોજેક્ટ હેઠળ શહેરના કુલ ૩૬ જંકશન પર સ્માર્ટ



ટેક્નોલોજી વાળા ટ્રાફિક સિગ્નલ્સ લગાવવામાં આવેલા છે. આ અગાઉ લગાવાયેલા સિગ્નલો સાથે નવા ૭ સિગ્નલ કનેક્ટ થઇ જાય તે પ્રકારની વ્યવસ્થા ગોઠવવામાં આવનાર છે. મહાપાલિકા દ્વારા નવા ૭ સ્થળો વ્યૂહાત્મક દ્રષ્ટીકોણથી નક્કી કરવામાં આવ્યા છે. જે મુજબ વાયબ્રન્ટ સમિટ અને અન્ય ઈન્ટરનેશનલ ઈવેન્ટમાં ભાગ લેવા આવતા દેશ- વિદેશના મહાનુભાવોની અવરજવર વખતે ટ્રાફિક નિયમન માટે અને ટ્રાફિકની સમસ્યા નિવારી શકાય તે માટે આ સ્થળોની પસંદગી કરાઇ છે.આ પૈકી મોટાભાગના સ્થળો નવા વિકસિત વિસ્તારો અને વીવીઆઇપી મૂવમેન્ટ ધરાવતા માર્ગો પર આવેલા છે. મહાપાલિકા દ્વારા આ તમામ ૭ સ્થળોએ સરવે કરાવવામાં આવનાર છે.

## તંત્રી લેખ...

# ચીનનું કૂણું વલણ: ભારત ખાતેથી વધુ માલસામાન ખરીદવાની તૈયારી બતાવી

અમેરિકાની ટેરિફ વોર શરૂ થવાને ગણતરીના કલાકો બાકી છે ત્યારે ભારત પ્રત્યે વેપાર સંબંધોમાં ચીને કૂણું વલણ અપનાવ્યાનું જોવા મળી રહ્યું છે. ભારત સાથેના વેપારને સમતુલિત કરવા ભારત પાસેથી વધુ માલસામાન ખરીદવાની ચીનના રાજદૂત ઝુ ફેઓંગે ઓફર કરી હોવાનું એક અહેવાલમાં જણાવાયું હતું. વેપાર તથા અન્ય ક્ષેત્રોમાં સહકાર વધુ મજબૂત બનાવવા અને ચીનને બંધબેસતા હોય તેવા વધુ ભારતીય પ્રોડકટસની આયાત કરવા અમે તૈયાર હોવાનું ભારત ખાતેના ચીનના રાજદૂતને ટાંકીને અહેવાલમાં જણાવાયુ હતું. નાણાં વર્ષ ૨૦૨૩-૨૪માં બન્ને દેશો વચ્ચેનો દ્વીપક્ષી વેપાર આંક ૧૦૧.૭૦ અબજ ડોલર રહ્યો હતો. જેમાં ભારત મોટી વેપાર ખાધ ધરાવે છે. સરકારના ડેટા પ્રમાણે ચીન ખાતેની ભારતની મુખ્ય નિકાસમાં પેટ્રોલિયમ ઓઈલ, આયર્ન ઓર, મરિન પ્રોડકટસનો સમાવેશ થાય છે.નાણાં વર્ષ ૨૦૨૩-૨૪માં ભારતે ચીન ખાતે ૧૬.૬૦ અબજ ડોલરની નિકાસ કરી હતી. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા બુધવાર બે એપ્રિલથી વિશ્વભરના દેશો પર રેસિપ્રોકલ ટેરિફ લાગુ કરવાની તૈયારી કરી રહ્યા છે ત્યારે ચીનનું નિવેદન સૂચક માનવામાં આવે છે. ચીન ખાતેથી ઈલેકટ્રોનિક માલસામાન, સ્ટીલ, સેમીકન્ડકટર, ફાર્મા કાચા માલ સહિત અનેક માલસામાનની ભારત આયાત કરે છે. તાજેતરમાં જ એક પોડકાસ્ટમાં નરેન્દ્ર મોદીએ ટ્રમ્પના ભારોભાર વખાણ કર્યા હતા. ભારત-ચીન સરહદે સ્થિતિ શાંતિપૂર્ણ બનાવવા ચીનના પ્રમુખ ઝી ચિનપિંગ સાથે પણ ચર્ચા ચાલુ હોવાનું મોદીએ જણાવ્યું હતું.૨૦૨૦માં બન્ને દેશોના સૈનિકો વચ્ચે થયેલી અથડામણ બાદ સંબંધોમાં ખટરાગ આવી ગઈ હતી


# જાપાનને પાછળ છોડીને ભારત વિશ્વનું ત્રીજું સૌથી મોટું ઓટોમોબાઈલ માર્કેટ બન્યું : ગડકરીનો દાવો



દેશમાં ઈલેક્ટ્રિક વાહનો (ઈફ)નું વેચાણ વધારવા માટે કેન્દ્ર સરકાર તમામ પ્રયાસો કરી રહી છે. સરકાર છેલ્લા થોડા વર્ષોથી લોકોને ઈફ ખરીદવા માટે ઘણું પ્રોત્સાહન આપતી રહી છે. આ સાથે જ ટેકનોલોજી પણ ઘણી આગળ વધી રહી છે અને અવારનવા નવા ફીચર્સવાળા ઈવી પણ લોન્ચ થઈ રહ્યા છે, ત્યારે ઈલેક્ટ્રિક વાહનના વેચાણ મુદ્દે માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ મોટો દાવો કર્યો છે. તેમણે કહ્યું કે, ભારત જાપાનને પાછળ છોડીને વિશ્વનું ત્રીજું સૌથી મોટું ઓટોમોબાઈલ માર્કેટ બની ગયું છે.ગડકરીએ કહ્યું કે, 'ભારત ૨૦૩૦સુધીમાં ઈલેક્ટ્રિક વાહનોનો સૌથી મોટો ઉત્પાદક બનવા માટે પહેલેથી જ તૈયાર છે. ભારતનું ઈવી ક્ષેત્રનું ભવિષ્ય ઘણું ઉજ્જવળ છે. જ્યારે અમારી સરકાર ૨૦૧૪માં સત્તામાં આવી હતી, ત્યારે મેં ઈલેક્ટ્રિક વાહનની વાત કરી હતી, જોકે તે વખતે મારા વિચાર પર કોઈએ વિશ્વાસ કર્યો ન હતો, પરંતુ આજે આ એક સત્ય બની ગયું છે.'

તેમણે કહ્યું કે, 'જ્યારે અમારી સરકારે સત્તા સંભાળી ત્યારે ભારતીય મોટન વાહન ઉદ્યોગનું કદ ૧૪ લાખ કરોડ રૂપિયા હતું અને હેવ તે વધીને ૨૨ લાખ કરોડ પર પહોંચી ગયું છે. સૌથી મહત્ત્વની વાત એ છે કે, આપણે જાપાનને પાછળ છોડીને અમેરિકા અને ચીન બાદ વિશ્વનું ત્રીજું સૌથી મોટું ઓટોમોબાઈલ માર્કેટ બની ગયા છે.તાજેતરના વર્ષોમાં ભારતમાં ઈલેક્ટ્રિક વાહનના વેચાણમાં જબરદસ્ત વૃદ્ધિ થઈ છે, જે સતત ચાલુ જ રહેશે. સરકારની નીતિઓ તેમજ માળખાકીય સુવિધાઓમાં સુધારો કરવાથી ઈવીના વેચાણમાં વધારો થયો છે. આ સાથે હજુ વેચાણમાં વધારો થાય તે માટે પ્રયાસો કરવામાં આવશે. મંત્રાલયે જણાવ્યું હતું કે, ભારત ૨૦૩૦ સુધીમાં ઈફ ઉત્પાદનમાં અન્ય દેશોથી આગળ વધવાની યોજના ધરાવે છે. આનાથી પર્યાવરણીય સંરક્ષણ અને ઊર્જા બચતમાં પણ મદદ કરશે.

# વાપીની કિશોરી સાથે દુષ્કર્મ કરવાના ગુનામાં વિધર્મી વૃદ્ધ આરોપીને આજીવન કેદની સજા



વાપીના ડુંગરી ફળિયામાં ૧૧ વર્ષિય કિશોરી સાથે શારિરીક અડપલા કરી દુષ્કર્મ કરવાના કેસમાં વાપી એડિશનલ સેશન્સ કોર્ટે વિધર્મી વૃદ્ધ આરોપીને જીવનના અંતિમ શ્ર્વાસ સુધી (આજીવન કેદ) કેદની સજા ફટકારતો મહત્વનો ચુકાદો આપ્યો છે. કોર્ટે દંડના રૂ.૯૦ હજાર અને રૂ.૬ લાખ મળી કુલ રૂ.૬.૯૦ લાખ પિડિતાને ચુકવવા પણ આદેશ કર્યો છે.

કેસની વિગત એવી છે કે વાપીના ડુંગરી ફળિયામાં એક પરપ્રાતિય પરિવાર રહે છે. આ પરિવારની ૧૧ વર્ષિય કામિની (નામ બદલ્યું) ગત મે-૨૦૨૨માં નજીકમાં અસરઅલી ઉર્ફે લંબુ ચાચા જેનુલ્લા ખાનની દુકાને ગઇ હતી. તે દરમિયાન લીબુ ચાચાએ કામિનીને બિસ્કિટ આપવાના બહાને દુકાનમાં બોલાવી હતી. કામવાસનામાં ચકચાર વૃદ્ધ લંબુ ચાચાએ કામિની છાતિ અને ગુપ્તાંગના ભાગે અડપલા કરી ખોટુ કામ કર્યું હતું. બાદમાં કામિની ઘરે ગઇ હતી. કામિની ગભરાયેલા લાગતા બહેને પુચ્છતા તેણે લંબુ ચાચાના કૃત્યની જાણ કરી હતી. બાદ પરિવારને જાણ થતા મામલો પોલીસ મથકે પહોંચતા પોલીસે દુષ્કર્મનો ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી હતી.

# અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ - ગુજરાતની રાજ્ય કારોબારી બેઠક અને સામાન્ય સાધારણ સભા યોજાઈ સમગ્ર રાજ્યમાંથી ૪૦૦ થી વધુ પદાધિકારીઓની ઉપસ્થિતિ

કર્ણાવતી- મણિનગર ખાતે અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘની રાજ્ય કારોબારી બેઠક યોજાઇ ગઈ જેમાં હિન્દૂ નવ વર્ષ,વર્ષ પ્રતિપદા દિનની શુભેચ્છા સાથે દિપ પ્રજવલ્લન દ્વારા બેઠકની શુભ શરૂઆત કરવામાં આવી, પ્રાંત મહામંત્રી પરેશભાઈ પટેલે અખિલ ભારતીય અધિકારી સંગઠન મંત્રી મહેન્દ્રજી કપૂર, પ્રાંત અધ્યક્ષ મિતેષભાઈ ભટ્ટ, પ્રાંત સંગઠન મંત્રી અને પૂર્ણ કાલિન કાર્યકર્તા સરદારસિંહ મછાર તેમજ પલ્લવીબેન પટેલ વગેરેની પ્રેરક ઉપસ્થિતમાં સૌનું સ્વાગત અભિવાદન કરવામાં આવ્યું. બેઠકમાં ગત મિટિંગમાં થયેલ ઠરાવનું વાંચન કરી થયેલ કાર્યવાહીની ચર્ચા કરવામાં આવી અને સૌ દ્વારા ★ૐ★ ધ્વનિની બહાલી સાથે અનુમોદન આપવામાં આવ્યું,



ગુજરાત પ્રાંતના અતિરિક્ત મહામંત્રી પરેશભાઈ પટેલ દ્વારા વર્ષ દરમ્યાન શૈક્ષિક મહાસંઘ દ્વારા થયેલ કાર્યક્રમો જેવા કે પુણ્ય શ્લોક અહલ્યાબાઈ હોલકરની ૩૦૦ મી જન્મ જયંતિની ઉજવણી, ભગવાન બિરસા મુંડાની જન્મ જયંતીની ઉજવણીનુ પ્રાંત વૃત આપવામાં આપ્યું. છ સંભાગના સંભાગ સંગઠન મંત્રી દ્વારા કર્તવ્યબોધ દિવસ તેમજ વિશ્વ મહિલા દિનની ઉજવણી વગેરે કાર્યક્રમોનું વૃત રજૂ કરવામા આવ્યું. ત્યારબાદ સંભાગ ૫ અનુસાર મંડલ રચનાનું વૃત રજૂ કરવામાં આવ્યું.

અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના અખિલ ભારતીય સંગઠનમંત્રી મહેન્દ્રજી કપુર દ્વારા સંગઠનની કાર્ય પ્રણાલી,સંગઠનનો વિસ્તાર કાર્યકર્તાઓનું ઘડતર, પંચ પરિવર્તન, સાંસદ સંપર્ક યોજના, વિશ્વ વિદ્યાલયના કુલપતિ તેમજ વિદ્યાલયના પ્રાચાર્ય સંવાદ તેમજ વર્ષ દરમ્યાન મહાસંઘ દ્વારા થયેલ નૈમિતિક કાર્યક્રમો, સંગઠનના કાર્યક્રમ વગેરે વિશે વિસ્તૃત પ્રબોધન રજૂ કર્યું.

દ્વિતિય સત્રનો શુભારંભ સંઘના શતાબ્દી વર્ષની ઉજવણી અન્વયે પંચ પરિવર્તન, કુટુંબ પ્રબોધન, પર્યાવરણની જાળવણી વિષય સમજ આપવામાં આવી, આગામી સમયમાં ઘર ઘર સંપર્ક યોજના,વિશાળ હિન્દુ સંમેલન વિશે સમજ આપવામાં આવી. નાગપુરમાં એક જગ્યાએ સંઘની શાખાની શરૂઆત કરવામાં આવેલ આજે એક લાખ સ્થાનો પર શાખા લાગે છે, પ્રમુખ જન ગોષ્ઠી,સામાજિક સદભાવ બેઠક અંગેનું વિસ્તૃત માર્ગદર્શન આવ્યુ.

ત્યારબાદ મીડિયાની કાર્યશાળા વિશે પ્રિન્ટ મીડિયા, ઈલેક્ટ્રોનિક મીડિયા અને સોશિયલ મીડિયા અંગે ગહનતા થી સમજ આપવામાં માં આવી.

'હમારા વિદ્યાલય હમારા તીર્થ' ના બિંદુઓ જેવાકે વિદ્યાલયની સ્વચ્છતા, મોબાઈલ વપરાશની આચાર સંહિતા,પ્લાસ્ટિક મુક્ત શાળા,શિક્ષણની સાથે સહ અભ્યાસીક પ્રવૃત્તિઓ કરવી, શાળામાં ભારતમાતા,સરસ્વતી માતાનું મંદિર બને,વાલી અને શિક્ષકોનો સંવાદ, વૃક્ષારોપણ, શિક્ષણ વ્યવસ્થા વિદ્યાર્થી કેન્દ્રી બને, મંડલદીઠ એક શાળા ★હમારા વિદ્યાલય હમારા તીર્થ★ બને તેવી સંકલ્પના મૂકવામાં આવી,

પ્રાંત અધ્યક્ષ મિતેષભાઈ ભટ્ટ દ્વારા આગામી સમગ્ર વર્ષનું વાર્ષિક આયોજન રજૂ કરવામાં આવ્યું. જેમાં વર્ષ પ્રતિપદા ઉજવણી, મંડલ રચના,સદસ્યતા અભિયાન, પ્રકૃતિ વંદન કાર્યક્રમ અંતર્ગત વૃક્ષારોપણ, ગુરુ વંદન, ઓગસ્ટ, સપ્ટેમ્બરમાં સંગઠન પર્વ, મીડિયા કાર્યશાળા, ઓક્ટોબરમાં જયપુર ખાતે નવમાં અખિલ ભારતીય અધિવેશન, વિમર્શ કાર્યશાળા, ડિસેમ્બરમાં ગુજરાતની દરેક શાળામાંથી એક પ્રતિનિધિની ઉપસ્થિતમાં એક દિવસીય વિશાળ સંમેલન, કર્તવ્યબોધ દિવસ, માતૃશક્તિ વંદના વગેરે કાર્યક્રમોની કાર્યસૂચિ રજૂ કરી હતી.

તારીખ ૧-૪-૨૦૦૫ પહેલા નિમણૂંક/જાહેરાત આવેલ શિક્ષકો તથા કર્મચારીઓની પેન્શન યોજના લાગુ પાડવાનો વિસ્તૃત ઠરાવ તથા જીપીએફ ખાતા ખોલવા, શિક્ષકોને બિન શૈક્ષણિક કાર્યમાંથી મુક્તિ, પ્રાથમિક સંવર્ગના બદલી કેમ્પ, ઉંન્છ્ અરસપરસ બદલી કેમ્પ, એકમ કસોટી, ગ્રાન્ટેડ શાળાઓમાં જુના શિક્ષકની ભરતી, બદલી અંગે વિચારણા, એનપીએસ વાળા શિક્ષક તથા કર્મચારીઓને નિવૃત્તિ સમયે ૩૦૦ રજાનું રોકડ રૂપાંતર, શિક્ષણ વિભાગમાં કાર્યરત શિક્ષક તથા કર્મચારીઓને ગ્રેજ્યુટીની રકમ ૨૦ લાખ થી વધારી ૨૫ લાખ કરવી, ફિક્સ પગારના સમયગાળાની માંદગી અંગેની રજાઓ ૧૯૯૯ થી જમા આપવી, ગ્રાન્ટેડ શાળાઓમાં ક્લાર્ક તથા પટાવળાની કાયમી ભરતી, ફિક્સ પગારનો સમય ગાળો ઘટાડવો, ફિક્સ પગારની નોકરીને જોતાં કેન્દ્રના ધોરણે નિવૃત્તિ વય મર્યાદા ૬૦ વર્ષ કરવી, ચિત્ર શિક્ષકોના પગાર ધોરણ વિસંગતતાઓ, લઘુમતી સંસ્થાઓના કર્મચારીઓના પ્રશ્નો, ગ્રાન્ટેડ શાળાઓમાં સરાસરી ઘટાડવી તથા વર્ગ ઘટાડવા માટે બે વર્ષની સરાસરી ધ્યાને લેવી, ડમી શાળાઓ તથા વિદ્યાર્થીઓ અંગે ફરિયાદ તથા સૂચન, વિવિધ જાહેર પરીક્ષાઓમાં પરીક્ષા આપવા માટે વય મર્યાદામાં વધારો કરવો, નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અનુસાર ચિત્ર, કમ્પ્યુટર, વ્યાયામ તથા અત્યારે ગણવામાં આવતા ગૌણ વિષયો માટે શિક્ષકની દરેક શાળામાં જોગવાઈ, દરેક શાળામાં આચાર્યની ફરજિયાત ભરતી, આચાર્યના ભરતી નિયમોમા સુધાર, વર્તમાન વર્ષે નવી એચ.મેટ તથા તેવી અન્ય પરીક્ષા લેવી, કામગીરી તથા જવાબદારી જોતા આચાર્યનું પગાર ધોરણ વધારવું, આચાર્યનું હાયર સેકન્ડરી એલાઉન્સ વધારવું, જુના શિક્ષક તરીકે અરજી કરવા માટે પાંચ વર્ષથી ઘટાડી ત્રણ વર્ષ કરવો, એચ.મેટની પરીક્ષા પાંચ વર્ષે આપી શકાય તેવી જોગવાઈ કરવી, માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષક વિદ્યાર્થી રેશીઓ સુધારવો, જ્ઞાન સહાયકની સ્થાનિક કક્ષાએ ભરતી કરવી, ખેલ મહાકુંભ આયોજનનું શિડયુલ વાર્ષિક તથા બોર્ડ પરીક્ષાને અનુરૂપ સુધારવું.

ગ્રાન્ટેડ પ્રાથમિક સંવર્ગમાં શિક્ષકોને ફાજલ નું કાયમી રક્ષણ આપવું. ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓમાં બજેટની નવી જોગવાઈ અનુસાર નિયમ સૂચન માટે સમિતિ બનાવવી તથા તેમાં સંગઠનનો સમાવેશ કરવો. ૪૨૦૦ ગ્રેડ પે. સરકારી માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક સંવર્ગના ટ્રાન્સપોર્ટ એલાઉન્સ, આસિસ્ટન્ટ એજ્યુકેશન ઇન્સ્પેક્ટરના પ્રશ્નો, માતૃશક્તિની મેટરનેટિવ લીવ, ગ્રાન્ટ ફાળવણી જેવા પ્રશ્નોની રજૂઆત કરવામાં આવી. આ પ્રશ્નોની આગામી સપ્તાહમાં સરકારશ્રીમાં રજૂઆત કરવામાં આવશે.

ચોથા સત્રમાં પ્રાંત સંગઠન મંત્રી સરદારસિંહ મછારે સંગઠનમાં કાર્યકર્તાઓના પ્રવાસનું મહત્વ અને વિમર્શ વિષય પર પોતાનું પ્રબોધન આપ્યું . ત્યારબાદ અખિલ ભારતીય અધિકારી પલ્લવીબેન પટેલે સંગઠનમાં માતૃ શક્તિઓની સામેલગીરી, માતૃશક્તિની ભાગીદારી સુનિચિત કરવી વગેરે બાબતો અંગે ચર્ચા કરી હતી.

ગુજરાત પ્રાંતના કોષાધ્યક્ષ રમેશભાઈ ચૌધરીએ બંધારણ સમિતિ દ્વારા બંધારણમાં સૂચવેલ સુધારા રજૂ કર્યા હતા. ત્યારબાદ અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘની પ્રાંત કારોબારીમાં ★અધ્યક્ષશ્રી મિતેષભાઈ ભટ્ટે★ જણાવ્યું કે ★તા.૩૦.૦૪.૨૫ સુધીમાં જૂની પેન્શન યોજનાનું વિસ્તૃત નોટિફિકેશન બહાર પાડવામાં આવે,જીપીએફ એકાઉન્ટ ખોલવા માટેની પ્રક્રિયા થશે એવી સરકારશ્રીએ ખાત્રી આપેલ છે★ જો તા.૩૦.૦૪.૨૫ સુધીમાં નહિ થાય તો ફરીથી રાજ્ય કારોબારી બોલાવી આંદોલનની રણનીતિ નક્કી કરવામાં આવશે અને જરૂર પડ્યે આંદોલન પણ કરવામાં આવશે.

સમારોપ સત્રમાં અખિલ ભારતીય સંગઠનમંત્રી આદરણીય મહેન્દ્રજી કપુરજીએ સમગ્ર દિવસ દરમ્યાન રજૂ થયેલ મુદ્દાઓનું પુનઃસ્મરણ કરવી પાથેય પૂરું પાડ્યું હતું,

બેઠકના અંતે પ્રાંત સંગઠન મંત્રી પ્રાથમિક સંવર્ગ હિતેષભાઈ ગોપાણીએ કલ્યાણ મંત્ર બોલાવી બેઠકનું સમાપન કરાવ્યું હતું..

# ૩ એપ્રિલ - વિશ્વ જલચર પ્રાણી દિવસ

વિશ્વભરમાં દર વર્ષે ૩ એપ્રિલે વિશ્વ જલચર પ્રાણી દિવસ મનાવવામાં આવે છે. આ દિવસની ઉજવણીનો મુખ્ય હેતુ પાણીમાં વસવાટ કરતા પ્રાણીઓના રક્ષણ માટે જાગૃતિ ફેલાવવાનો છે. સમુદ્રો, નદીઓ અને તળાવો આજે પ્રદૂષણ અને માછીમારીના ઘાટા અસર હેઠળ છે. પ્લાસ્ટિક વેસ્ટ, ઓઇલ સ્પિલ અને ઉદ્યોગો દ્વારા છૂટતા કેમિકલના કારણે પાણીમાં રહેનારા જીવનું જીવન જોખમમાં છે. વ્હેલ, ડોલ્ફિન, સમુદ્રી કાચબાં, માછલીઓ અને અન્ય જલચર પ્રાણીઓ વિલુપ્તિ તરફ આગળ વધી રહ્યા છે. જળચર પ્રાણી એ કોઈપણ પ્રાણી છે , પછી ભલે તે કરોડ અસ્થિધારી હોય કે અપૃષ્ઠવંશી , જે તેના સમગ્ર અથવા મોટાભાગના જીવનકાળ માટે પાણીના શરીરમાં રહે છે. જળચર પ્રાણીઓ સામાન્ય રીતે ગિલ્સ નામના વિશિષ્ટ શ્વસન અંગો દ્વારા, ત્વચા દ્વારા અથવા આંતરડાના મ્યુકોસા દ્વારા ઓગળેલા ઓક્સિજનને કાઢીને પાણીમાં ગેસ વિનિમય કરે છે , જોકે કેટલાક પાર્થિવ પૂર્વજોમાંથી વિકસિત થયા છે જેઓ જળચર વાતાવરણ (દા.ત. દરિયાઈ સરિસૃપ અને દરિયાઈ સસ્તન પ્રાણીઓ) માં ફરીથી અનુકૂલન પામ્યા હતા , આ કિસ્સામાં તેઓ ખરેખર હવા શ્વાસ લેવા માટે ફેફસાંનો ઉપયોગ કરે છે અને પાણીમાં રહેતી વખતે અનિવાર્યપણે તેમના શ્વાસ રોકી રાખે છે. ગેસ્ટ્રોપોડ મોલસ્કની કેટલીક પ્રજાતિઓ, જેમ કે પૂર્વીય નીલમણિ સમુદ્ર ગોકળગાય , પીળા-લીલા શેવાળ સાથે ગળી ગયેલા એન્ડોસિમ્બાયોસિસ દ્વારા ક્લેપ્ટોપ્લાસ્ટિક પ્રકાશસંશ્લેષણ માટે પણ સક્ષમ છે . લગભગ બધા જ જળચર પ્રાણીઓ પાણીમાં પ્રજનન કરે છે , કાં તો અંડાશયમાં અથવા જીવંત રીતે અને ઘણી પ્રજાતિઓ તેમના જીવન ચક્ર દરમિયાન નિયમિતપણે વિવિધ જળ સંસ્થાઓ વચ્ચે સ્થળાંતર કરે છે. કેટલાક પ્રાણીઓમાં સંપૂર્ણપણે જળચર જીવન તબક્કા હોય છે (સામાન્ય રીતે ઇંડા અને લાર્વા તરીકે), જ્યારે પુખ્ત વયના લોકો મેટામોર્ફોસિસમાંથી પસાર થયા પછી ભૂમિગત અથવા અર્ધ-જળચર બની જાય છે . આવા ઉદાહરણોમાં દેડકા જેવા ઉભયજીવી પ્રાણીઓ , મચ્છર, મેફ્લાય, ડ્રેગનફ્લાય, ડેમસેલ્ફલી અને કેડિફ્લાય જેવા ઘણા ઉડતા જંતુઓ, તેમજ સેફાલોપોડ મોલસ્કની કેટલીક પ્રજાતિઓ જેમ કે શેવાળ ઓક્ટોપસ (જેમના લાર્વા સંપૂર્ણપણે પ્લાન્કટોનિક હોય છે, પરંતુ પુખ્ત વયના લોકો ખૂબ જ ભૂમિગત હોય છે)નો સમાવેશ થાય છે. જળચર પ્રાણીઓ એક વૈવિધ્યસભર પોલીફાઇલેટિક જૂથ છે જે ફક્ત તેમના કુદરતી વાતાવરણ પર આધારિત છે, અને તેમની વચ્ચે ઘણી મોર્ફોલોજિકલ અને વર્તણૂકીય સમાનતાઓ સંકલિત ઉત્ક્રાંતિનું પરિણામ છે . તેઓ પાર્થિવ અને અર્ધ-જળચર પ્રાણીઓથી અલગ છે, જે પાણીના સ્ત્રોતોથી દૂર રહી શકે છે, જ્યારે જળચર પ્રાણીઓ ઘણીવાર ગિલ નિષ્ફળતા અથવા તેમના પોતાના શરીરના વજન દ્વારા સંકુચિત ગૂંગળામણને કારણે પાણીમાંથી લાંબા સમય સુધી દૂર થયા પછી ડિહાઇડ્રેશન અથવા હાયપોક્સિયાથી મૃત્યુ પામે છે (જેમ કે વ્હેલ બીચિંગના કિસ્સામાં ). જળચર છોડ, શેવાળ અને સૂક્ષ્મજીવાણુઓ સાથે , જળચર પ્રાણીઓ વિવિધ દરિયાઈ, ખારા અને મીઠા પાણીના જળચર ઈકોસિસ્ટમના ખોરાકના જાળા બનાવે છે .વિશ્વ જલચર પ્રાણી દિવસ પર આપણે સંકલ્પ લઈએ કે પાણીમાં વસવાટ કરતા આ નિર્દોષ જીવોની રક્ષા માટે પ્રતિબદ્ધ થઈશું. પ્રકૃતિનું સંતુલન જાળવવા માટે તેમની હાજરી અત્યંત આવશ્યક છે.

# રાજકોટની હચમચાવતી ઘટના : ચાલુ ટ્રેનમાંથી મુસાફરે પાણીની બોટલ ફેંકી, તરુણને છાતીમાં વાગતા મોત

રાજકોટના શાપરમાંથી ગઈ કાલે પસાર થયેલી ટ્રેનમાં સવાર એક મુસાફરે જોરથી બહાર પાણીની બોટલ ફેંકી હતી, જે સીધી છાતીમાં વાગતાં તરૂણ મૃત્યુ નીપજયું હતુ. શાપર પોલીસે અજાણ્યા મુસાફર સાથે બેદરકારીથી મૃત્યુ નીપજાવવાની કલમ હેઠળ ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.મૂળ મધ્યપ્રદેશનાં સંતોષભાઈ ગોડઠાકર શાપરનાં ગણેશનગર વિસ્તારમાં રહે છે અને કારખાનામાં મજૂરી કરે છે. તેનો ૧૪ વર્ષનો પુત્ર બાદલ ગઈકાલે બપોરે અન્ય ચારથી પાંચ મિત્રો સાથે શાપરમાં આવેલા મસ્કત ફાટક તરીકે ઓળખાતા વિસ્તારમાં ગયો હતો, જયાંથી પસાર થતાં રેલવે ટ્રેક નજીક બાદલ અને તેનાં મિત્રો બેઠા હતાં. બપોરે પોણા ત્રણ વાગ્યાની આસપાસ વેરાવળ - બાંદ્રા ટ્રેઈન પસાર થઈ હતી. જેમાં બેઠેલા અજાણ્યા મુસાફરે જોરથી પાણીની બોટલ બહાર ફેંકી હતી. જે સીધી બાદલની છાતીનાં ભાગે વાગતાં તે ત્યાં જ ઢળી પડયો હતો.

શરૂઆતમાં પોલીસને હાર્ટએટેકથી મોત નીપજવાની શંકા ગઈ હતી. જેનું સમાધાન કરવા પોલીસે સીસીટીવી ફૂટેજ જોતા ચાલુ ટ્રેનમાંથી એક મુસાફરે ફેંકેલી પાણીની બોટલ છાતીમાં વાગતા બાદલ ઢળી પડયાનું જોવા મળ્યું હતું. જેથી શાપર પોલીસે રાજકોટમાં ફોરેન્સિક નિષ્ણાંત તબીબો પાસે પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું. જેમણે એવો અભિપ્રાય આપ્યો હતો કે હૃદયનો ભાગ ખૂબ જ સંવેદનશીલ હોય છે. જયાં કોઈ વજનદાર વસ્તુ પ્રેશરથી વાગે તો મૃત્યુ થઈ શકે છે. આ કિસ્સામાં પણ તેમ જ થયાનું જણાય છે. પરિણામે શાપર પોલીસે અજાણ્યા મુસાફર સાથે બેદરકારી દાખવી, મૃત્યુ નિપજાવાની કલમ હેઠળ ગુનો દાખલ કર્યો છે.

# હે દ્વારકાધીશ ! વડતાલ ના જાશો..

ટકા કરાવી ભગવા પહેરી ફેલાવે ભ્રમજાલ
નારાયણના નામે નાણાં ખેંચવાની છે ચાલ
હે દ્વારકાધીશ ! ન જાશો વડતાલ

જગદીશ્વરની જગ્યા પર પોતેજ થયા જગપાલ
પાપીયા સહુ સાધુ બન્યા કલિયુગની કમાલ
હે દ્વારકાધીશ ! ન જાશો વડતાલ

અસલ નકલ ના ચક્કરની થઈ મોટી ધમાલ
નકલી તીર્થ બનાવી ફક્ત ભેગો કરવો માલ
હે દ્વારકાધીશ ! ન જાશો વડતાલ

ભગવો પણ લાજી ઉઠે એવા કરીયા હાલ
ઉત્તમશ્લોકી આ દુષ્ટોથી હવે બચાવો નંદલાલ
હે દ્વારકાધીશ ! ન જાશો વડતાલ

ન્યુઝ ઓફ ગાંધીનગર.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS NO:158**

વિષય:ચૈત્રી નવરાત્રી
શીર્ષકઃ મા નો મહિમા
પ્રકારઃ પદ્ય શબ્દો:૯૫

ચૈત્રી નવરાત્રી આવી મનમાં ઉમંગ લાવી,
રૂમઝૂમ કરતી આવી દિલમાં ભક્તિ ભાવ લાવી!

આવી ચૈત્રી નવરાત્રી કરો મા ના ભજન કીર્તન,
ગાઓ મંગળ ગીત
માતાના કરો ગુણગાન!

નવ કન્યાનું થતું પૂજન નવ દિનનો ઉપવાસ,
નવ રૂપોનું અર્ચન કરે કલેશ વિનાશ!

માતાના મહિમા ખૂબ જગત કરે વખાણ,
જો કરે ભક્તિ સાચા મનથી બને મહાન!

આદ્યશક્તિ માં જગદંબા કરતી દુષ્ટોનો સંહાર,
મા ની કૃપા બની રહે ધર્મ તણો આધાર!

'પ્રેમ' હૃદય પ્રફુલ્લિત કરે જાગરણ સાથ,
ચૈત્રી નવરાત્રીની ધૂમ જન જનમાં ઉલ્લાસ!

પાલજીભાઈ રાઠોડ 'પ્રેમ' આદરીયાણા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

***NOGSS No.371***

★વિષય:-"ચૈત્રી નવરાત્રી"★
★શિર્ષક;- " હિન્દુ નવવર્ષ★
★પ્રકાર:- મૌલિક રચના★ શબ્દ: ૮૩★

કઈ રીતે કરુ વર્ણન તમારુ નવદુર્ગા અષ્ટભુજાણી મા અંબા,
આવી જોને ચૈત્રી નવરાત્રી ભક્તોની ભીડ ભાંગજો મા.
કરે નવરાત્રીના ઉપવાસ પૂર્ણ શ્રધાથી નકોરડા કોઈ જોને,
તો કોઈ કરે અલુણા ૫,૭,૧૧,કે પૂરો માસ રિઝવવા મા.
નવનવ નોરતા આરાધના કરે અખંડ જ્યોત જલાવે બાળ,
સંકટ સમયે સમરે સહાય કરે ભક્તોના દુખડા હરતી મા.
ચૈત્રી નવરાત્રી લાવે અનેરો ઉત્સાહ ગુડી પડવાને સંગ,
ઘેર ઘેર ઉજવાય વિક્રમ સવંત હિંદુ નવવર્ષ હરખે મા.
કહે ચાંદની ભજો મા ભગવતીને કરો અનુષ્ઠાન સૌ,
સર્વ દુઃખ હરશે કરશે પૂર્ણ. મનોકામના નવદુર્ગા મા.

ભાવના જોષી ચાંદની
વડોદરા હાલ છોટાઉદેપુર

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG.ss No. 213**

વિષય :- 'ચૈત્રિય નવરાત્રિ '
શીર્ષક :- 'માં હંસવાહિની'
પ્રકાર :- પદ્ય- ભુજંગી છંદ (શબ્દો :- ૧૨૭)

માં હંસવાહિની માં જગદંબે, માં હું સ્મરું હું ભજું એકચિત્તે,
આ શિશ ઢાળી તને પાય લાગું, માં ભક્તિ દે શક્તિ દે દીન જાણી.

આ વિશ્વમાં તેજ રૂપે પ્રકાશે, એ સૂર્ય સાવિત્રી બે એક જાણો,
એ બ્રહ્મનું બીજ છે બ્રહ્મ રૂપે, એ બ્રહ્મનું વૃક્ષ છે બ્રહ્મરૂપે.

ધરું ધ્યાન હું એક ચિત્તે હૃદયમાં, એ મંત્ર સાવિત્રીનો હું જપું છું,
જે શબ્દ ચોવીસ છે બીજ સાથે, એ મંત્ર ગાયત્રીનો હું જપું છું.

હું બધ્ધ અબુધ્ધ એક બાળ તારો, ગ્રહી હાથ મારો મને પાસ લેજો,
કરી માફ મારી બધી ભૂલભાલો, કૃપા દ્રષ્ટિથી મુજને તારી લેજો.

કરુણા કરો માં તને પાય લાગુ, નથી વિશ્વમાં મારું કો' અન્ય સાથી,
ભલે વિસરે દોસ્ત બંધુ સગાઓ, નહીં છોડશો સાથ મારો સદાનો.

આ દાસ 'યોગેશ'ની અશ્રુભીની, ધરું અંજલિ પ્રેમના પુષ્પ આપી.
(યોગેશભાઈ પંડયા 'સ્વજન' જુનાગઢ.)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No : 388**

વિષય : ચૈત્રી નવરાત્રી
શીર્ષક : ગણગૌર
પ્રકાર : ગદ્ય : શબ્દો : ૨૬૨

ગણગૌર ચૈત્ર માસ ની નવરાત્રી ની ત્રીજ થી ચાર દિવસ સુધી મનાવવા માં આવે છે. પુષ્ટિમાર્ગ માં અને ખાસ કરી ને નાથદ્વારા માં ગણગૌર નો ઉત્સવ ખુબ જ ધામ ધૂમ થી મનાવવા માં આવે છે. આ દિવસ થી પુષ્ટિમાર્ગ માં શ્રી ઠાકોરજી ને ચૂંદડી અને લહેરિયા ધરાવવા નું શરુ થાય છે.

લાલ ગણગૌર - શ્રી સ્વામિનીજી ના ભાવ થી.
આ દિવસે લાલ ચૌફુલી બાંધણી ના વસ્ત્ર ધરાવવા માં આવે છે. ચૈત્રી ગુલાબ ના પુષ્પો ની બે માલજી ધરાવાઈ છે.

હરી ગણગૌર - શ્રી ચંદ્રાવલીજી ના ભાવ થી
આ દિવસે પચરંગી લહેરિયા ના વસ્ત્ર ધરાવવા માં આવે છે. પન્ના અને સુવર્ણ ના આભરણ ધરવાઈ છે.

ગુલાબી ગણગૌર - શ્રી લલિતાજી ના ભાવ થી
બધા જ સાજ અને વસ્ત્ર ગુલાબી ધરાવવા માં આવે છે. ગુલાબી ઘટા માં સાટીન ના વસ્ત્ર આવે છે અને ગણગૌર ઉષ્ણકાલ માં હોવા થી સુથન ના ગુલાબી વસ્ત્ર ધરાવવા માં આવે છે. ચૈત્રી ગુલાબ ની ફૂલ મંડળી / બંગલા માં શ્રી ઠાકોરજી બિરાજે છે. બધા આભરણ ગુલાબી મીના કારી ના અને સુવર્ણ ના ધરાવવા માં આવે છે.

શ્યામ ગણગૌર - શ્રી યમુનાજી ના ભાવ થી
આ દિવસ એ શ્રી ગુંસાઈજી ના આત્મજ શ્રી યદુનાથજી નો ઉત્સવ છે માટે કેસરી મલમલ ના વસ્ત્ર ધરાવવા માં આવે છે. કેસરી કુલ્હે ઉપર સોનેરી ઘેરા, શીશફૂલ શ્રી મસ્તક ઉપર ધરવા માં આવે છે અને શ્રીકર્ણ માં માણેક ના મકરાકૃત કુંડલ ધરાવવા માં આવે છે.

આ ચાર દિવસ અષ્ટસખા રચિત ગણગૌર ના પદ ની ગાન શ્રી ઠાકોરજી ની સન્મુખ કરવા માં આવે છે.

ફાલ્ગુની સાંગાણી ઓડેદરા
પોરબંદર, ગુજરાત

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No: 168**

વિષયઃ ચૈત્ર નવરાત્રી
શીર્ષકઃ આત્મશુદ્ધિ નો પર્વ
પ્રકાર:- ગદ્ય શબ્દ:- ૨૨૦

ચૈત્ર નવરાત્રી આત્મશુદ્ધિ અને ભક્તિનો પર્વ છે. અને ઋતુ પરિવર્તનનું સંકેત આપે છે. આ સમય દરમિયાન માં દુર્ગાની પૂજા કરવાથી ઘરમાં સુખ શાંતિ અને સમૃદ્ધિ આવે છે. આ સિવાય ઘટ સ્થાપના યોગ્ય મુહૂર્તમાં કરવાથી પૂજાનું પૂર્ણફળ પ્રાપ્ત થાય છે. આ સમય દરમિયાન ભક્તો તમામ નિયમનો પાલન કરીને મા દુર્ગાના વિશેષ આશીર્વાદ મેળવી શકે છે. ચૈત્ર નવરાત્રી નો તહેવાર હિન્દુ ધર્મમાં ખૂબ જ ખાસ અને મહત્વપૂર્ણ માનવામાં આવે છે. તે હિન્દુઓનો સૌથી પ્રખ્યાત તહેવારો માંથી એક માનવામાં આવે છે.
આ નવરાત્રી ની ઉજવણી વસંત ઋતુ દરમિયાન કરવામાં આવે છે.( ઉનાળાની શરૂઆત માર્ચ એપ્રિલ માસમાં) ઉત્તર ભારતમાં આ નવરાત્રીની મોટા પાયા ઉજવણી થાય છે. જમ્મુમાં આવેલ વૈષ્ણોદેવીના મંદિરનાં મંદિરમાં આ સમયે દરમિયાન નવરાત્રી ની ઉજવણી કરવામાં આવે છે. સામાન્ય રીતે વસંત નવરાત્રી ને ઉજવણી પાછળ બે કારણો મહત્વનાં ગણવામાં આવે છે. પહેલું ઋતુગત ફેરફારોને આવકારવા કારણ વસંત નવરાત્રી ની સાથે વર્ષનાં અન્ય તહેવારો શરૂઆત થાય છે અને આપણાં પૂર્વજો દ્વારા શરૂ કરાયેલ માં શક્તિની દિવ્ય આરાધના ની પરંપરા જાળવી રાખવા માટે તહેવારો ખાસ મહત્વ આપવામાં આવે છે. ચૈત્ર નવરાત્રી ને ઉજવવા પાછળ ભક્તો કમર કસી ભક્તિમાં લીન થઈ જાય છે. અને પવિત્રતાનું સંદેશ આપી જાય છે. મા શક્તિને રિઝવવા પગપાળા યાત્રા પણ લોકો કરતાં હોય છે. અને ભક્ત સમુદાય પણ પદયાત્રામાં જોડાતાં હોય છે. ચૈત્ર નવરાત્રી માં માતાજીની આરાધના કરી ભક્તગણ પોતાને ભાગ્યશાળી સમજતાં હોય છે.

ડો કનૈયાલાલ માલી 'ઉત્સવ'

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO : 334**

વિષય :- "ચૈત્રી નવરાત્રી"
શીર્ષક :- નવરાત્રી આવી
પ્રકાર :- પદ્ય શબ્દો:- ૮૭

નાચો, ગાઓ, ઝૂમો કે આવી ચૈત્રી નવરાત્રી,
મંદિરીયે તોરણ બંધાવો કે આવી નવરાત્રી.

રૂડાં અબીલ,ગુલાલ ઉડાડો આવી નવરાત્રી,
શહેનાઈના સૂર રેલાવો કે આવી નવરાત્રી.

માની ચુંદડીનો રંગ રાતો આવી નવરાત્રી.
નવ નવ નોરતાની રાતો કે આવી નવરાત્રી,

લાખ લાખ દીવડા પ્રગટાવો આવી નવરાત્રી,
માનો ગરબો કોતરાવો કે આવી નવરાત્રી.

નવદુર્ગાના રૂપને સજાવો આવી નવરાત્રી,
ભેગા મળી ગરબા ગાઓ કે આવી નવરાત્રી.

જોગમાયાને ફૂલડે વધાવો આવી નવરાત્રી,
માને કંકુ ચોખલીએ વધાવો કે આવી નવરાત્રી.

માના દર્શનથી પાવન થાઓ આવી નવરાત્રી,
સાથે અંતરની જ્યોત જલાવો કે આવી નવરાત્રી.

મહેશભાઈ રાઠોડ 'સ્નેહદીપ' હિંમતનગર

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS.No: 387**

વિષયઃ ચૈત્રી નવરાત્રી
શીર્ષકઃ હે જગત જનની મા
પ્રકારઃ ગદ્ય શબ્દોઃ ૨૬૦

વર્ષ માં ચાર નવરાત્રિ આવે છે તેમાં શારદીય (આસો) નવરાત્રી અને ચૈત્રી નવરાત્રી નો વધુ મહિમા છે.ચૈત્ર સુદ એકમથી થી નોરતા શરૂ થાય છે.તેને અલગ અલગ પ્રદેશ માં અલગ અલગ નામે ઓળખાય છે અને ખૂબ ધામધૂમથી ઉજવાય પણ છે.ટૂક માં શુકનવંતા શુભકાર્યની શરુઆત નો મંગલ દિવસ કહેવાય છે.
શ્રી રામ નો રાજ્યાભિષેક નો શુભારંભ, હિન્દુ નવવર્ષ વિક્રમ સવંત,ગુડી પડવો
આભાર - નિહારીકા રવિયા વિગેરે.
ચૈત્ર માસમાં માં વસંત નું સામ્રાજ્ય પણ ચોમેર ફેલાયેલુ માણવાની મજા અવર્ણનીય છે.
"રૂડો જુઓ આ રૂતુરાજ આવ્યો,
મુકામ એણે વન માં જમાવ્યો. "
ખાસ તો અલૂણા, કડવો પણ નઈરવો એવા લીમડાનુ સેવન, અનુષ્ઠાન, આત્મ શુધ્ધિ નો મહિમા નું ખૂબ જ મહત્વ છે.જપ,તપ અને યજ્ઞનું આયોજન કરવામાં આવે છે.
જેમ મા પોતાનુ દૂધ પોતાના જ બાળક ને પાઈ ને પુષ્ટ કરે છે, તેવી જ રીતે જગતજનની પોતાના બાળકોને પ્રેમ, આનંદ, ઉલ્લાસ અને આરોગ્ય નો નિરોગી રસ પીવડાવી ને પુષ્ટ કરે છે.
કોઈ વેલ વૃક્ષ ને વીંટળાઈ ને પોતાની ઉંચાઈ અને અસ્તિત્વ ને ઉત્કૃષ્ટ કરી શકે છે તેમ આપણે પણ જગદંબા ની નજીક રહીને સંસાર વૃક્ષ માં આપણું સ્થાન બનાવી શકીએ છીએ.
વળી ચૈત્ર માસમાં માં જ એપ્રિલ ફૂલ ને બદલે કાળઝાળ ગરમીમાં એપ્રિલ ફુલ ને પાવરફુલ બનાવીને પ્રકૃતિ, ધરતી મા ને લીલી ઓઢણી ઓઢાડી ને તેનું સંવર્ધન કરીએ તો મા રાજી રહે.
"મા એ ઓઢી અલૌકિક ઓઢણી (૨)
એની ઓઢણી માં મોહ્યું મારું મન.. અલૌકિક ઓઢણી..
એને ચારે છેડે ચાર વેદ લખ્યાં,
વચમાં લખીયા છે શાસ્ત્ર પુરાણ.. અલૌકિક ઓઢણી..
એને ચારે છેડે રિધ્ધિ સિધ્ધિ ચિતર્યાં
એને પાલવડે અખંડ કલ્યાણ... અલૌકિક ઓઢણી...
સૌનું કલ્યાણ કરજો માતાજી.
પુનિતા બેન દવે -મણિનગર.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO: 143**

વિષય- ચૈત્રી નવરાત્રી
પ્રકાર- ગદ્ય શબ્દો -૨૪૩
"ચૈત્રી નવરાત્રી "

ચૈત્ર નવરાત્રી નો તહેવાર હિન્દુ ધર્મ માં ખૂબ મહત્ત્વ ધરાવે છે. આ તહેવાર ખાસ કરીને દેવી દુર્ગા ની પૂજા કરવા માટે ઉજવવામાં આવે છે, જેમને શક્તિ, હિંમત અને સકારાત્મકતાનું પ્રતીક માનવામાં આવે છે. દર વર્ષે નવરાત્રી ચૈત્ર મહિનાનાં શુક્લ પ્રતિપદાથી શરૂ થાય છે, જે આ વર્ષે ચૈત્રી નવરાત્રી માં દેવી દુર્ગાનાં નવ સ્વરૂપોની પૂજા કરવામાં આવે છે. દરેક દિવસનું એક ખાસ મહત્ત્વ હોય છે અને દરેક દિવસે દેવીનાં એક અલગ સ્વરૂપની પૂજા કરવામાં આવે છે.
આ નવરાત્રીની ઉજવણી વસંત ઋતુ દરમિયાન કરવામાં આવે છે. ઉત્તર ભારતમાં આ નવરાત્રીની મોટા પાયે ઉજવણી થાય છે. જમ?મુમાં આવેલ વૈષ?ણોદેવીનાં મંદિરમાં આ સમય દરમિયાન નવરાત્રીની ઉજવણી કરવામાં આવે છે.
સામા?ય રીતે વસંત નવરાત્રિની ઉજવણી પાછળ બે કારણો મહત્ત્વનાં ગણવામાં આવે છે. પહેલું, ઋતુગત ફેરફારોને આવકારવા, કારણ કે વસંત નવરાત્રિની સાથે વર્ષનાં અ?ય તહેવારોની શરૂઆત થાય છે અને બીજું, આપણાં પૂર્વજો દ્વારા શરૂ કરાયેલ માં શક?તિની દિવ?ય આરાધનાની પરંપરા જાળવી રાખવા માટે.
ભગવાન શ્રીરામ રાવણ સાથે નાં યુદ્ધમાં વિજય મેળવવા માટે મા દુર્ગાનાં આશીર્વાદ મેળવવા ઈચ?છતાં હતાં. પરિણામે તેઓએ અશ્વિન માસ માં? દુર્ગાનું આહ્વાન કર્યું હતું. આ જ કારણે ઑક?ટોબરમાં કરવામાં આવતી દુર્ગાપૂજા 'અકલ-બોધોન' એટલે કે 'સમયના આહ્વાન'નાં નામે પણ જાણીતી છે.
વસંત નવરાત્રીની ઉજવણી હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ હરિયાણા, પંજાબ અને જમ?મુ-કાશ?મીર જેવાં રાજ?યોમાં ખૂબ જ મોટા પાયે થાય છે. ભારતનાં આ રાજ?યોમાં રહેતા લોકો વસંત નવરાત્રી દરમિયાન વ્રત અને ઉપવાસ કરે છે. ઉનાળાની શરૂઆતમાં આ તહેવાર આવતો હોઈ બદલાતી ઋતુ સાથે અનુકૂલન સાધવામાં પણ વ્રત અને ઉપવાસ ઉપયોગી થાય છે, તેવું કહેવાય છે.
નામ- ડૉ .દક્ષા જોશી ' નિર્ઝરા'

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO- 195**

વિષય :- ચૈત્રી નવરાત્રી
શીર્ષક :- ગરબો રમે છે ચિત્તમાં
પ્રકાર :- પદ્ય શબ્દ :- ૭૨

ચૈતર ચોર્યો છે ચિત્તમાં, મા જગદંબા રમે ખચિતમાં,
રઢિયાળી રાત,રમણીની જાત, ગરબે રમે છે રીતમાં.

ગરબો ગોર્યો છે ગીતમાં, મા કાળી રમે કદાચિતમાં,
જોબનનો ચોક,મનડાંનો મોક,પહેર્યું પાનેતર પ્રીતમાં.

અંબા રમે, જગદમ્બા રમે, બહુચરી રમે ચર્ચિતમાં,
નારાયણીનું નર્તન નિહાળવા નયન બન્યા નિમિત્તમાં.

હલકે હલકે, છલકે છલકે, રમે જગદંબા જીતમાં,
નારીમાં નારાયણી નીરખો તો સદાય રહેશે હિતમાં.

નમો નારાયણી,જગ કલ્યાણી, નમન કરુ નવનિતમાં,
ભય ભગાડો, ભાવ જગાડો, અમૃત છે ભયભીતમાં.

અમૃત શ્રીમાળી ..મહેસાણા

# દેશી ગાયના છાણ અને મૂત્રની સુગંધથી દેશી અળસિયા જમીનના ઉપરના સ્તરમાં આવી જાય છે અને જમીનને ઉત્પાદક બનાવે છે

દેશના નાગરીકોના સ્વાસ્થ્યની ચિંતા કરીને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પ્રાકૃતિક કૃષિને અપનાવવા આહવાન કર્યું છે. વડાપ્રધાનશ્રીના આહવાનને હકારાત્મક પ્રતિસાદ આપતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની ગુજરાત સરકાર દ્વારા રાજયમાં પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહિત કરતી વિવિધ પહેલો હાથ ધરવામાં આવી રહી છે. ડાંગ જિલ્લામાં પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન આપવા માટે જિલ્લા તંત્ર દ્વારા વિશેષ પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. જેથી વધુને વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળે અને ઓછા ખર્ચે વધુ આવક મેળવી શકે.

★દેશી ગાયઃ★ આ કૃષિ મુખ્યત્વે દેશી ગાય પર આધારિત છે. દેશી ગાયના ૧ ગ્રામ છાણમાં ૩૦૦-૫૦૦ કરોડ સૂક્ષ્મજીવાણુંઓ હોય છે. જ્યારે વિદેશી ગાયના ૧ ગ્રામ છાણમાં ફક્ત ૭૮ લાખ સૂક્ષ્મજીવાણુંઓ મળે છે. દેશી ગાયના છાણ અને મૂત્રની સુગંધથી દેશી અળસિયા જમીનના ઉપરના સ્તરમાં આવી જાય છે અને જમીનને ઉત્પાદક બનાવે છે.

★સહયોગી પાકઃ★ પ્રાકૃતિક કૃષિમાં મુખ્ય પાક સાથે સહયોગી પાક પણ લેવામાં આવે છે. જેથી મુખ્ય પાકને નાઈટ્રોજન, ફોસ્ફરસ, પોટાશ વગેરે મળતાં રહે છે.પ્રાકૃતિક કૃષિમાં મુખ્ય પાકની સાથે સહયોગી પાક લેવાથી (મુખ્ય પાક પર) કીટનિયંત્રણ પણ થાય છે.

★ખેડઃ★ પ્રાકૃતિક કૃષિમાં ઊંડી ખેડ કરવામાં આવતી નથી. કારણ કે તે જમીનની ફળદ્રુપતા ઓછી કરી દે છે. ૩૬સે. ઉષ્ણતામાન થતાં જ જમીનમાંથી કાર્બન ઉડવાનું શરૂ થઈ જાય છે. અને ભેજ બનાવવાનું અટકી જાય છે. જેના કારણે જમીનની ઉત્પાદન શક્તિ ઓછી થઈ જાય છે.

★પિયત વ્યવસ્થાઃ★ પ્રાકૃતિક કૃષિમાં પિયત છોડથી થોડે દૂર આપવામાં આવે છે. આમાં માત્ર ૧૦ ટકા પાણીનો ઉપયોગ થાય છે. અને ૯૦ ટકા પાણીની બચત થાય છે. છોડને થોડે દૂર પાણી આપવાથી છોડના મૂળની લંબાઈ વધી જાય છે. મૂળની લંબાઈ વધવાથી છોડના થડની જાડાઈ વધે છે. આ ક્રિયાના કારણે છોડની લંબાઈ પણ વધી જાય છે. આના પરિણામ રૂપે ઉત્પાદન પણ વધી જાય છે.

★છોડની દિશાઃ★ પ્રાકૃતિક કૃષિમાં છોડની દિશા ઉતર-દક્ષિણની હોય છે. જેમાં છોડને સૂર્યપ્રકાશ વધુ સમય મળે છે. છોડની દિશા ઉતર-દક્ષિણ હોવાથી ઉત્પાદન ૨૦ ટકા વધી જાય છે.

★ આ વ ર ણ (મલ્ચીંગ):★ જમીનની સપાટી પાકના અવશેષોથી ઢાંકવાને આવરણ કહે છે. તેનાથી પાણીની બચત થાય છે અને જમીનમાં કાર્બન પણ ટકી રહે છે. જેથી જમીનની ઉત્પાદકત્તા વધે છે.

આ ઉપરાંત સુક્ષ્મપર્યાવરણ, કેશાકર્ષણ શકિત (ઝ્રટ્ઠૈઙ્મઙ્મટ્ઠિઈઙ્ઘ ટ્ઠષ્ઠૈંહ), દેશી અળસિયાની સક્રિયતા (પ્રવૃતિઓ), ગુરૂત્વાકર્ષણ બળ, ભવંડર તેમજ દેશી બિયારણ પણ પ્રાકૃતિક ખેતીમાં ખુબ જ ઉપયોગી બની રહે છે. ઝાડ-છોડની વૃધ્ધિ અને તેનું સારું ઉત્પાદન લેવા માટે જે જે સંસાધનોની જરૂરિયાત હોય છે. આ બધા સંસાધનો ઝાડ-છોડને ઉપલબ્ધ કરવા માટે પ્રકૃતિને મજબૂર કરનાર પધ્ધતિને પ્રાકૃતિક કૃષિ કહેવાય છે. મુખ્ય પાક માટે થતો ખર્ચ સહપાકોમાંથી લેવો અને મુખ્યપાક બોનસના રૂપમાં મેળવવો તે જ સાચા અર્થમાં પ્રાકૃતિક કૃષિ છે.

# પાંઉ,પૌરાણા,ખેતાણી પરીવાર ટ્રસ્ટ દ્વારા રાણપુર (નવાગામ) ખાતે ૧૭ મો વાર્ષિક હવન યોજાશે

પૂજય કુળદેવી શ્રી ભવાનીમાં તથા પૂ. શ્રી ડુંગરબાપાની અસીમ કૃપા તથા ગોરધનબાપાનાં આર્શીવાદથી સમગ્ર પાંઉ, પૌરાણા, ખેતાણી પરીવારના કુળદેવી શ્રી ભવાની માતાજીનો ટ્રસ્ટ દ્વારા આયોજીત ૧૭ (સતર) મો વાર્ષિક હવન સંવત-૨૦૮૧ ના ચૈત્ર સુદ-૮, શનિવાર, તા. ૦૫/૦૪/૨૦૨૫ ના રોજ પૂ. માતાજી તથા પૂ. ડુંગરબાપા, પુ. ગોરધનદાદાના દેવસ્થાને રાણપુર (નવાગામ) મુકામે યોજવાનું નકકી કરેલ છે. પૂ. માતાજીના આ હવનમાં સર્વે કુટુંબી ભાઈઓ સહ પરિવાર હાજરી આપીને પૂ. માતાજીના તથા પૂ. ડુંગરબાપાના તથા પૂ. શ્રી ગોરધનદાદા દર્શન, પૂજન અર્ચન તથા પ્રસાદનો લાભ લેવા પધારે એવું જાહેર આમંત્રણ ટ્રસ્ટ દ્વારા પાઠવાયું છે.

હવનનો પ્રારંભ દેહ શુધ્ધિ સવારે ૦૫-૩૦ કલાકે, પૂજનવિધી સવારે ૦૮-૧૦ કલાકે, બિડુ હોમવાનો સમય બપોરે ૧૨-૩૦ કલાકે (ચલ ચોઘડીયે), હવન પુર્ણાહુતિ ૦૧-૦૦ કલાકે હવન પુરા થયા બાદ પાંઉ, પૌરાણા, ખેતાણી પરીવાર ટ્રસ્ટ તથા આમંત્રીત મહેમાનો તથા સર્વે કુટુંબીજનો માટે ભોજન—પ્રસાદ આયોજન બપોરે ૦૧-૦૦ કલાકે કરવામાં આવ્યું છે.

હવનમાં સમયસર હાજરી આપવા પાંઉ, પૌરાણા, ખેતાણી પરીવાર ટ્રસ્ટી મંડળે પરીવારજનોને અપીલ કરી છે. હવેથી દરેક કંકોત્રી ડીઝીટલ આવશે જેથી પરીવારના બધા જ સભ્યો મો.નં. ૯૭૧૨૯ ૮૨૮૦૦ સેવ કરી રાખે.

આ હવનમાં આચાર્યપદે વિદ્રાન શાસ્ત્રી શ્રી ચેતનભાઈ કુવાડવાવાળા રહેશે. હવનમાં યજમાન પદે એક સાથે પરિવારના ૫ (પાંચ) દંપતિઓ બિરાજશે જેમાં (૧) શ્રી યશ અતુલભાઈ પાંઉ તથા અ.સૌ. અંજલી અતુલ પાંઉ (કુવાડવા) (૨) શ્રી મોહિત પ્રવીણભાઈ પાંઉ તથા અ.સૌ. શ્રુતિ મોહિત પાંઉ (કુવાડવા) (૩) શ્રી ગોપાલભાઈ કેશવલાલ ખેતાણી તથા અ.સૌ. રજનીબેન ગોપાલભાઈ ખેતાણી (અમદાવાદ) (૪) શ્રી દર્શન વિનોદકુમાર પાંઉ તથા અ.સૌ. શિવાની દર્શન પાંઉ (મલકાપુર) (૫) શ્રી જીગ્નેશભાઈ ઉમેશચંદ્ર પાંઉ તથા અ.સૌ. નિશાબેન જીગ્નેશભાઈ પાંઉ (રાજકોટ) વાળા બિરાજશે.

# શિક્ષણ નીતિ પર કાર્યરત આવી સંસ્થાઓની રજૂઆત સરકારને પહોંચાડવા સંમતઃ સાસંદ વસાવા



ગુજરાત શૈક્ષણિક સાંસ્કૃતિક મંચ નામની સંસ્થા દર છ માસે ગુજરાતના વિવિધ સ્થળો પર સંગોષ્ઠિના નામાભિધાનથી શૈક્ષણિક પરીસંવાદનું સુંદર આયોજન કરે છે.આ કાર્યક્રમમાં ગુજરાત ભરમાંથી પ્રાથમિક, માધ્યમિક શિક્ષણના ક્ષેત્રમાં સમર્પણ ભાવથી કાર્યરત એવા શિક્ષકો જોડાતા હોય છે. તાજેતરમાં આવી સંગોષ્ઠિનો સાતમો મણકો કેવડિયા કોલોની, એકતાનગર જિ.નર્મદા ખાતે તારીખ ૨૯,૩૦,૩૧ માર્ચ દરમિયાન ×શિક્ષણમાં મૂલ્યાંકન× વિષય પર સંપન્ન થયો.

તા.૨૯ રાત્રી પ્રથમ બેઠકમાં 'એકમ કસોટી મારા અનુભવો' પર ઉપસ્થિતોએ મંથન કર્યું હતું.સવારની બેઠકનું આયોજન વિપશ્યના ધ્યાનનું હતું જેનું સંચાલન ઉપાચાર્ય શ્રી મનહરભાઈ શાહે કર્યું.બીજા દિવસે યોગ સેશન શ્રી સોલંકી અને પઢારિયાએ સંચાલન કર્યું.

તા.૩૦ માર્ચના ઉદ્ઘાટન સત્રમાં દર વર્ષે ઉત્તમ શિક્ષણ કાર્ય કરતાં શિક્ષકોને સંસ્થા દ્વારા ફોરમ એવોર્ડ અર્પણ કરીને પ્રોત્સાહન પૂરું પાડવામાં આવે છે તે ઉપક્રમ સંપન્ન થયો.આ એવોર્ડમાં રૂપિયા ૨૧૦૦, પ્રશસ્તિપત્ર અને શાલ અર્પણ કરવામાં આવે છે. સ્વ.ઉષાબેન બંસીલાલ ચાહવાલાના સૌજન્યથી ચાલુ વર્ષે શિક્ષક એવોર્ડ અર્પણ થયા. લાઈફ ટાઈમ એચિવમેન્ટ એવોર્ડ સ્વ.પારસબેન જીતુભાઈ જોશીના સૌજન્યથી શ્રી ભગવતદાન ગઢવીને એનાયત થયો.સુશ્રી દયાબેન સોજીત્રા-અમરેલી, શ્રી વિમલભાઈ પટેલ -અમદાવાદ,શ્રી દુધાભાઈ પરમાર -બનાસકાંઠા,શ્રી સંજયભાઈ પટેલ-મહેસાણાને ફોરમ શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ એનાયત કરવામાં આવ્યા.આ કાર્યક્રમમાં ઉપસ્થિત સાંસદ શ્રી મનસુખભાઈ વસાવા અને બિરસા મુંડા યુનિવર્સિટીના કુલપતિ શ્રી મધુકરભાઈ પાડવી એ આવા સુંદર મજાના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા માટે ધન્યતાનો અનુભવ કર્યો.માંગરોળ કોલેજના પ્રા.પ્રશાંત ચાહવાલાએ પોતાના તરફથી આવી પારમાર્થિક પ્રવૃત્તિઓને હંમેશા યોગદાન આપવાના આશ્રવાસન સાથે શિક્ષક ભાઈ -બહેનોને શુભેચ્છાઓ અર્પણ કરી હતી. સાંસદ શ્રી મનસુખભાઈ વસાવાએ પ્રાસંગિક ઉદબોધનમાં નરેન્દ્રભાઈ મોદીએ આ વિસ્તારમાં જે રીતે શિક્ષણની ગુણવત્તા અને પ્રચાર, પ્રસાર માટે પ્રયત્નો કર્યા છે તેને ભૂલી શકાય તેમ નથી તેમ જણાવ્યું.તો તેમણે એમ પણ કહ્યું કે આવી સંસ્થાઓ શિક્ષણની નીતિ ઉપર કામ કરી રહી છે તેમને હું અંગત રીતે સમર્થન કરું છું.જયારે જરૂર પડે ત્યારે આ પ્રકારની નીતિઓના નિર્ધારણમાં આપણે સરકારનું પણ ધ્યાન કેન્દ્રિત કરી શકીએ તે માટે જરૂરથી મને યાદ કરજો. કુલપતિ શ્રી મધુકરભાઈ પાડવી એ સમગ્ર શિક્ષણ જગતના ફેરફારોને સ્વીકારીને અંતિમ માણસને મદદ કરવા માટે સૌને વધુ સજ્જ બનવા અનુરોધ કર્યો. આ સત્ર દરમિયાન સંસ્થાની પરિચય પુસ્તિકા અંક× ચરૈવેતી, ચરૈવૈતિ×નું લોકાર્પણ કરવામાં આવ્યું.જેમાં છેલ્લાં ત્રણ વર્ષથી કાર્યરત આ સંસ્થાનો અહેવાલ પ્રગટ થયો છે.સંસ્થાનો પરિચય સંયોજક શ્રી તખુભાઈ સાંડસુરે કરાવ્યો હતો. આભાર દર્શન ડો.મહેશભાઈ ઠાકરે કર્યું. 'શિક્ષણમાં સર્વગ્રાહી મૂલ્યાંકન અને તેની ઉપયોગીતા' પર શ્રી નૈષધભાઈ મકવાણાએ પોતાની અભ્યાસપૂર્ણ રજૂઆત કરી હતી. 'એકમ કસોટી :ઉપયોગીતા,ઉણપ અને સુધારણા' તે વિષય પર ભરૂચ ડાયટના પ્રા. વી.એમ. બલદાણિયાએ બહુ સ્પષ્ટ રીતે પ્રકાશ પાડીને વૈજ્ઞાનિક અને તાર્કિક તથ્યો રજૂ કર્યા હતા.બપોર પછીનું બીજું સત્ર મુલાકાત સત્ર હતું.જેમાં તમામ સાધક ભાઈ-બહેનો સરદાર સરોવર ડેમ યોજના અને તેનાથી નિર્મિત પાવર હાઉસની મુલાકાત લીધી હતી.પછી સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત દ્વારા વિદ્યાર્થીઓ માટે સરદારનું જીવન કેટલું ઉપયોગી અને મહત્વ ધરાવે છે તે માટેનો લેસર શો પણ નિહાળ્યો હતો.સાંજના સત્રના અંતિમ ભાગમાં શુરપાણેશ્વર મંદિર ખાતે યોજાતી નર્મદા આરતીનો પણ સૌએ લાભ લીધો હતો.

અંતિમ દિવસે તા.૩૧ માર્ચના રોજ સમાપન બેઠકમાં પ્રતિભાશાળી શિક્ષકોનું સન્માન થયું હતું.સૌ સાધક ભાઈ બહેનોએ પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો હતો.નવા સાધક અને ઓછી દષ્ટિ ધરાવતા શ્રી પીનાકીન પરમારે એક બેઠકનું સંચાલન કરી એમ જણાવ્યું હતું કે હું આ મંગલ યાત્રામાં પાછળથી જોડાયો છું તે મારા માટે દુઃખદ છે.કારણકે અગાઉના આવા કાર્યક્રમોમાં હું અળગો રહી ગયો.અમદાવાદની એન.જી.ઓ.મા કાર્યરત સુશ્રી શિલ્પાબેન ગોહિલે કહ્યું આ એક નવા પરિવાર સાથે જોડાવાનો આનંદ છે.અંતે શાળા શિક્ષણમાં એકમ કસોટીઓ એક પ્રાણવાન પગથિયું છે શિક્ષકગણને સાથે રાખી તેના અમલીકરણના પ્રશ્નો ઉકેલીને તે ચાલુ રાખવા ઠરાવ પસાર કરાયો હતો, સૌએ તેનું સમર્થન કર્યું.સંચાલન શ્રી ભગવતદાન ગઢવી અને દિપ્તીબેન જોશીએ કર્યું હતું.સંયોજન અને સંકલન શ્રી શ્યામજીભાઈ દેસાઈએ સંભાળ્યુ હતું.સમગ્ર ગોષ્ઠિનું આભાર દર્શન શ્રી જીતુભાઈ જોશીએ કર્યું હતું.સ્થાનિક અગ્રણીઓ શાંતિભાઈ ભોઈ,ડો.મહેશ ઠાકર ,ડો જે.એમ જાદવ વગેરેએ નોંધનીય યોગદાન આપ્યું હતું.

## બિહારના રાજ્યપાલ જૈન આરીફ મોહમ્મદ ખાન, આચાર્ય લોકેશજી, RSS નેતા ઈન્દ્રેશ કુમારજીએ ભારતીય નવા વર્ષની ઉજવણીને સંબોધિત કરી હતી

બિહારના રાજ્યપાલ આરીફ મોહમ્મદ ખાન, અહિંસા વિશ્વ ભારતી અને વિશ્વ શાંતિ કેન્દ્રના સ્થાપક જૈન આચાર્ય લોકેશજી, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વરિષ્ઠ નેતા ઈન્દ્રેશ કુમારજીએ ભારતીય નવા વર્ષની ઉજવણીને સંબોધન કર્યું,

બિહારના રાજ્યપાલ આરીફ મોહમ્મદ ખાને નવરાત્રિના પ્રથમ દિવસે શરૂ થતા સંવત ૨૦૮૨ના શુભ અવસર પર તમામ ભારતીયોને હાર્દિક શુભેચ્છાઓ પાઠવતા જણાવ્યું હતું કે નવરાત્રિ અને ઈદની શરૂઆત એકસાથે થઈ છે તે એક અદ્ભુત સંયોગ છે. ભારત ગંગા-જમુની સંસ્કૃતિનો દેશ છે. અહીં હિંદુ અને મુસ્લિમો સાથે મળીને તહેવારો ઉજવે છે. તમામ દેશવાસીઓ તેને ખૂબ જ ભક્તિ, ખુશી અને સાંસ્કૃતિક વિધિઓ સાથે ઉજવી રહ્યા છે, જે નવી શરૂઆત, સમૃદ્ધિ અને આધ્યાત્મિક પ્રગતિનું પ્રતીક છે.


જૈન આચાર્ય લોકેશજીએ જણાવ્યું કે વિવિધતામાં એકતા એ ભારતીય સંસ્કૃતિનો મૂળ મંત્ર છે. આપણા વૈવિધ્યસભર દેશમાં, આ તહેવાર આગામી થોડા દિવસો માટે ધાર્મિક અને સાંસ્કૃતિક તહેવાર તરીકે ઉજવવામાં આવશે જેમ કે મહારાષ્ટ્રમાં ગુડી પડવા, આસામમાં 'રોંગાલી બિહુ', બંગાળમાં 'પોઈલા બોશાખ', કાશ્મીરમાં 'નવરેહ', ઉત્તર ભારતમાં શક્તિની ઉપાસના.

RSSના વરિષ્ઠ નેતા ઈન્દ્રેશ કુમારજીએ કહ્યું કે ભારતીય પરંપરાઓ અને સંસ્કૃતિને જાગૃત રાખવાની આપણી ફરજ છે. આપણા ધર્મ, નિયમો અને રીતરિવાજોને યુવા પેઢી સુધી લઈ જઈને જ જીવંત રાખી શકાય છે.

બિહારના પૂર્વ ધારાસભ્ય શ્રી રાજેશ્વર રાજજીએ કહ્યું કે બિહારના વિવિધ ભાગોમાં ભારતીય નવા વર્ષનો ઉત્સાહ જોવા જેવો છે. ક્યાંક પૂજા થઈ રહી છે તો ક્યાંક સંગીતનો કાર્યક્રમ છે. દીપ પ્રાગટ્ય સાથે શરૂ થયેલા કાર્યક્રમમાં આયોજકોએ મહેમાનોનું વસ્ત્ર, પ્રતિક ચિહ્ન અને તુલસીના છોડ આપી સન્માન કર્યું હતું.

આ પ્રસંગે બિહાર વિધાન પરિષદના અધ્યક્ષ અવધેશ નારાયણે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. સ્વાગત પ્રવચન ડીપીએસ ડાયરેક્ટર અખિલેશ સિંહે કર્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં અને અંતે બાળકોએ રાષ્ટ્રગીત રજૂ કર્યું હતું.

## મહુવા તાલુકાના ઉચા કોટડા માં ચામુંડા માતાજીના સનાધ્યામા પ્રતીક ધારણ કરી રહ્યા હતા



સવિનય સાથે જણાવવાનું કે મહુવા તાલુકાના ઉચા કોટડા માં ચામુંડા માતાજીના સનાધ્યામા પ્રતીક ધારણ કરી રહ્યા હતા તેને અત્યારે સાડા પાંચે વિરામ આપી આગળની રણનીતિ સનાતન ધર્મના ચારેય મઠના શંકરાચાર્યોજી મહારાજ, તમામ અખાડાના મહંતશ્રીઓ,મહા મંગલેશ્વરોના મહંતો, વિશ્રૂવ વિખ્યાત કથાકારો સાધુસંતો.સનાતન ધર્મના તજજ્ઞો વિગેરે જે નીર્ણયો કરશે તે પ્રમાણે કરશું તેમજ ઘનશ્યામ પાંડે સ્થાપિત કંપની વાળ વારેવારે વર્ષોથી દેવી દેવતાઓ અને વિવિધ જ્ઞાતિની નીંદા કરે છે તે બાબતે આજે તા.૨/૩/૨૦૨૫ ના રોજ કચ્છમા માં મોગલ ધામના મહંત કબરાઉ બાપુને સમર્થન આપી ખેડુત અગ્રણી વાળા ભરતસિંહ પોપટભા તરેડી ઉંચા કોટડા માં ચામુંડાના સાનિધ્યમાં ખુલ્લા મેદાનમાં ખડ પથારી કોથળોનુ આસન કરી માતાજીને પ્રાર્થના કરી તેમજ ૭૦ વર્ષની ઉંમરે ૪૨ ડીગ્રી તાપમાનમા પ્રતિક ધરણાં તે ભગવાન શ્રીકૃષ્ણ અને માંતાજીની કૃપા ગણાવી તેને? ઉચા કોટડા ટ્રસ્ટે સમર્થન આપેલ હતુ તેમજ સનાતન ધર્મના અનેક શ્રદ્ધાળુઓ, આગેવાનો અને લોકો ભાવથી ટેકો આપી ઘનશ્યામ પાંડે સ્થાપિત કંપની સામે લડી લેવા તૈયાર દર્શાવી તેમજ ઘરણાને વિરામ આપી ભરતસિંહે સનાતન ધર્મ બાબતે ટુંકા પડીએ એટલે આનો વહેલીતકે ઉકેલ લાવવા સનાતન ધર્મના તમામ ધર્મગુરુઓએ આગળ આવી કાયમી ઉકેલ લાવવો ખાસ જરૂરી છે અન્યથા તબેલામાં ઘોડા છૂટી જાય પછી તાળ મારવા તે યોગ્ય નથી ઘનશ્યામ પાંડે વાળી કંપની કોઈ કાળે સુધરવાની નથી તેથી ત્રીજું નેત્ર ખોલવું જરૂરી છે તેમજ ઘનશ્યામ પાંડે સ્થાપિત કંપનીમાથી સનાતન ધર્મના તમામ દેવી દેવતાઓને પરત લેવા પછી ભલે ઘનશ્યામ પાંડેનો માચડો મોટો કરે તેનો વાંધો નથી પણ સનાતન ધર્મ અને દેવી દેવતાઓની મનભાવે તેવી અભદ્ર ટિપ્પણી જાણી જોઈને ભણેલા ગણેલા પણ પશ્ર્ચિમી વિચાર ધરાવતા અંગ્રેજોની માનસિકતા ધરાવતા હોય તે સંદતર બંધ કરાવો તેમ વાળા ભરતસિંહ પોપટભા તરેડી પ્રદેશ પ્રમુખ ખેડુત કલ્યાણ સંગઠન ગુજરાત જણાવી રહ્યા છે

## સરકાર સામે આંદોલનમાં મક્કમ વ્યાયામ શિક્ષકોઃસચિવાલય કૂચ બાદ સત્યાગ્રહ છાવણીએ ૧૭મા દિવસે પણ લડત ચાલુ




ગાંધીનગરમાં ખેલ સહાયક યોજના રદ કરી કાયમી ભરતીની માગ સાથે વ્યાયામ શિક્ષકોનું આંદોલન ૧૭મા દિવસે પણ ચાલુ રહ્યું છે. મંગળવારે (૧ એપ્રિલે) શિક્ષકોએ સચિવાલય તરફ કૂચ કરી હતી. પોલીસે તમામની અટકાયત કરી હતી. ત્યારે આજે સત્યાગ્રહ છાવણીએ પણ એકઠા થતાં અટકાયત કરી છે. સરકાર ટસની મસ થઈ રહી નથી ત્યારે અડીખમ વલણ છતાં વ્યાયામ શિક્ષકો ૧૭ દિવસથી લડત ચલાવી રહ્યા છે અને આંદોલન માટે મક્કમ છે.આજે (૨જી એપ્રિલે) બુધવારે પણ શિક્ષકો સત્યાગ્રહ છાવણીએ ધરણા માટે એકઠા થયા હતા. પોલીસે ફરી તેમની અટકાયત કરી લીધી છે. શિક્ષકોએ પોલીસની કાર્યવાહી જાણતા તાળીઓ પાડીને તેમનું સ્વાગત કર્યું હતું.વ્યાયામ શિક્ષકોનો આક્ષેપ છે કે છેલ્લા ૧૫ વર્ષથી સરકાર તેમની સાથે અન્યાય કરી રહી છે. તેમણે જણાવ્યું હતું કે, જ્યાં સુધી શિક્ષણ વિભાગ તેમની માંગણીઓનું નિરાકરણ નહીં લાવે, ત્યાં સુધી આંદોલન ચાલુ રહેશે.મંગળવારે સચિવાલય ખાતેના દેખાવો દરમિયાન બે શિક્ષકોને ઈજા થઈ હતી. તેમને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. શિક્ષકોએ સ્પષ્ટ કર્યું છે કે સરકારના આવા વલણથી તેઓ પીછેહઠ કરવાના નથી.ગાંધીનગરમાં છેલ્લા ૧૫ વર્ષથી ગુજરાતમાં કાયમી વ્યાયામ શિક્ષકોની ભરતી ન થતાં વ્યાયામ શિક્ષકો આંદોલનના માર્ગે ઉતર્યા છે. છેલ્લા ૧૭ દિવસથી વ્યાયામ શિક્ષકો ગાંધીનગરમાં ધામા નાખીને સરકારમાં રજૂઆત કરી રહ્યા છે, પરંતુ તેમની પડતર માંગણીઓ સંદર્ભે કોઈ નિરાકરણ આવ્યું નથી.અત્યાર સુધીમાં વ્યાયામ શિક્ષકોએ ધરણા પ્રદર્શન કરી અંગ કસરતના દાવ, સૂર્ય નમસ્કાર, યોગ કરીને કાયમી ભરતીની માગ સાથે વિરોધ નોંધાવ્યો હતો. તેમ છતાં સરકાર દ્વારા કોઈ કાર્યવાહી ન થતાં આજે વ્યાયામ શિક્ષકોએ સચિવાલય બહાર દેખાવો યોજયા હતા, જેઓની પોલીસે અટકાયત કરી લીધી છે.

## અમદાવાદ ખાતે નરેન્દ્ર મોદી વિચાર મંચ ગુજરાત પ્રદેશ મહિલા શાખાની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ



નરેન્દ્ર મોદી વિચાર મંચ ગુજરાત પ્રદેશ અમદાવાદ શહેર પશ્ચિમ/પૂર્વ વિભાગની સંયુક્ત બેઠક અમદાવાદના શાહીબાગ સર્કિટ હાઉસ ખાતે યોજાઈ હતી. આ બેઠક નરેન્દ્ર મોદી વિચાર મંચ મહિલા શાખા ગુજરાત પ્રદેશ અધ્યક્ષ શ્રીમતી મિનલબેન જાનીના અધ્યક્ષસ્થાને અને પ્રદેશ મુખ્ય મહામંત્રી શ્રીમતી નેહલબેન ગોરની આગેવાનીમાં યોજાઈ હતી.આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ગુજરાત પ્રદેશ અધ્યક્ષ (મુખ્ય શાખા) શ્રી ચેહરભાઈ દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત, મુખ્ય શાખા પ્રદેશ મંત્રી શ્રી પંકજભાઈ પિત્તાળીયા અને અમદાવાદ જિલ્લા મુખ્ય શાખા અધ્યક્ષ શ્રી વિપુલભાઈ પટેલ પણ હાજર રહ્યા હતા.પશ્ચિમ વિભાગ પ્રમુખ શ્રીમતી મિનાક્ષીબેન પટેલ અને પૂર્વ વિભાગ પ્રમુખ શ્રીમતી રીટાબેન પટેલ દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં પ્રદેશ અને શહેરના પદાધિકારીઓને નિમણૂંક પત્રો આપવામાં આવ્યા હતા.

મહિલા શાખાના પ્રદેશ ઉપાધ્યક્ષ શ્રીમતી ભાવનાબેન ભાવસાર, દક્ષાબેન દેસાઈ, વિશાખાબેન પરીખ, પ્રદેશ મંત્રી શ્રીમતી હીરલબેન નાયક, કિંજલબેન ઠાકર, રીટાબેન ભટ્ટ અને અન્ય મહિલા સભ્યોએ આગામી સમયમા ઘરે ઘરે જઈને સમાજ જાગૃતિ ના અભિયાન વિશે માહિતી આપી હતી. આ અભિયાનમાં સોશિયલ મીડિયાથી થતા નુકસાન, બાળકો પર ફોન ગેમ્સની નકારાત્મક અસર, મહિલાઓની શારીરિક અને માનસિક તંદુરસ્તી, અને સમાજલક્ષી શિબિરોનું આયોજન જેવા મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન મહિલા સભ્યો દ્વારા કરવામાં આવ્યું હતું. આ બેઠક સમાજ જાગૃતિના ઉદ્દેશ્ય સાથે સફળતાપૂર્વક સંપન્ન થઈ હતી.

## ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા આગના જોખમવાળા એકમો સામે કડક પગલાંની તૈયારી

રાજકોટમાં બનેલ આગ લાગવાની દુઃખદ ઘટના બાદ રાજ્ય સરકારે આવી ઘટનાઓ ભવિષ્યમાં ન બને તે માટે તમામ મહાનગરપાલિકાઓને ગાઈડલાઈન જારી કરી હતી. આ ગાઈડલાઈનને અનુસરીને ગાંધીનગર મહાનગરપાલિકાએ પોતાના વિસ્તારમાં આવા એકમોનો સર્વે હાથ ધર્યો હતો. ૨૭ જોખમી એકમોની યાદી તૈયારસર્વે દરમિયાન પ્રથમ તબક્કામાં કુલ ૨૭ એકમો ચિહ્નિત કરવામાં આવ્યા છે, જેમાં આગની ઘટના સમયે અકસ્માતનું જોખમ રહેલું છે. આ એકમોમાં માર્જિન મટીરિયલથી આવરણ કરવામાં આવ્યું છે અને બેઝમેન્ટમાં કિચન, ગોડાઉન, ક્લાસિસ, શોપિંગ મોલ જેવા વાણિજ્યિક ઉપયોગ થાય છે. આ સ્થળોએ મોટી સંખ્યામાં લોકોની અવરજવર રહેતી હોવા છતાં, આકસ્મિક સ્થિતિમાં બહાર નીકળવાની પૂરતી વ્યવસ્થા નથી.

## વિજયવર્ગીય સમાજ દ્વારા ગણગૌર મહોત્સવ




અમદાવાદ વિજયવર્ગીય સમાજ ની મહિલાઓ દ્વારા ૩૧માર્ચ ના રોજ ખંડુભાઈ હોલ અસારવા ખાતે વિજયવર્ગીય સમાજ ના મહિલા અધ્યક્ષ મધુ અનિલ કુમાર વિજયવર્ગીય તરફ થી ઉજવવા મા આવ્યો હતો કાર્યક્રમ ની શરૂઆત ગણગૌર ની શોભાયાત્રા,ગણગૌર નું સામુહિક પુજન, સાંસ્કૃતિક કાર્યક્રમ,ઈનામ વિતરણ ના આયોજન પછી સમાજ ના ચાર સૌ થી વધુ લોકો દ્વારા હોલી સ્નેહમિલન સમાજ ના મહિલા અને પુરુષો દ્વારા સામુહિક નૃત્ય નુ આયોજન પણ રાખવામાં આવ્યું હતું,, પછી થી સામુહિક ભોજન બાદ કાર્યક્રમ નું સમાપન થયું હતુ ,,,!!

## રાંધેજા ખાતે અદ્યતન સુવિધા સાથેનું ક્રિકેટ સ્ટેડિયમ બનશે

ગાંધીનગરમાં પણ સ્પોર્ટસને લગતી ફેસેલિટી ઉભી કરવા અંગે વિવિધ તંત્રો દ્વારા આગોતરી તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા પણ જીમખાના અને રમત-ગમતને લગતી સુવિધાઓ માટે કવાયત શરૂ કરાઈ છે. જેના ભાગરૂપે શહેરના યુવાનો માટે રાંધેજા ખાતે આધુનિક સુવિધાઓ સાથેનું ક્રિકેટ સ્ટેડિયમ બનાવવાનું આયોજન મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવ્યું છે. આ માટે સ્થળ પસંદગી પૂર્ણ થઈ ગઈ છે અને ક્રિકેટ સ્ટેડિયમ માટે પ્લાન- નકશા- ડિઝાઈન વગેરે તૈયાર કરવા માટે કન્સલ્ટન્ટની નિમણૂંક કરવામાં આવનાર છે. શહેરના સેક્ટર-૨૧માં આધુનિક ક્રિકેટ સ્ટેડિયમનું કામ ચાલી રહ્યું છે ત્યારે શહેરમાં રાંધેજા ખાતે બીજું ક્રિકેટ સ્ટેડિયમ બનશે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.